Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :



| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| મહાવીર સ્મૃતિ | જયંતિલાલ મો. ઝવેરી | ૧૦૧ |
| નારી કે નારાયણી | મનસુખલાલ ટી. મહેતા | ૧૦૨ |
| કામભોગ | પં. પૂર્ણાનંદવિજયજી | ૧૦૭ |
| યક્ષ-યુધિષ્ઠિર પ્રશ્નોત્તરી | શ્રી ખી. ચાં. શાહ | ૧૧૧ |
| ઉત્કૃષ્ટ પ્રેમ | કલાવતી વોરા | ૧૧૫ |
| ગ્રંથ પરિચય | | ૧૧૯ |
| સમાચાર સંચય | | ૧૨૦ |
| અગાશી તીર્થનો અહેવાલ | | ૧૨૨ |
| સાભાર સ્વીકાર | | ૧૨૪ |



આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબો

**૧ શેઠશ્રી સુંદરલાલ ઉત્તમચંદ — મુંબઈ**

**૨ શેઠશ્રી દલીચંદ પુનમચંદ શાહ—ગદગ સીટી** જી. ધારવાર

## પેટ્રન સાહેબોને વિનંતી

પારેખ ચુનીલાલ દુર્લભજી તરફથી શ્રી રતિલાલ દી. દેસાઈ લિખિત 'ગુરુ ગૌતમસ્વામી' નામનું પુસ્તક પેટ્રન સાહેબોને ભેટ મોકલવા માટે મળ્યું છે, તો જે પેટ્રન સાહેબોને આ પુસ્તક જોઇતું હોય તેમણે પોસ્ટેજ તથા પેકીંગ ખર્ચના રૂા. ૨-૭૫ પૈસાના પોસ્ટેજ સ્ટેમ્પસ સભાના સરનામે મોકલવા જેથી પુસ્તક મોકલી શકાય.

—મંત્રીઓ

## "જૈન-ધર્મદર્શન" જ્ઞાનસત્ર

શ્રી જૈન આત્માનંદ સભા તથા શ્રી જૈન શ્રેયસ મિત્ર મંડળના સંયુક્ત ઉપક્રમે શ્રી આત્માનંદ સભાના શેઠશ્રી ભોગીલાલ લેકચર હોલમાં "જૈન-ધર્મદર્શન જ્ઞાનસત્ર" શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખ શ્રી હીરાલાલ ભાણજીભાઈની ઉપસ્થિતિમાં તા. ૧૦-૫-૭૬ ને સોમવારના રોજ શરૂ કરવામાં આવેલ છે. આ જ્ઞાનસત્રનું સંચાલન શ્રી કાન્તિલાલ જે. દોશી તથા શ્રી પન્નાલાલ પી. મહેતા કરે છે. એસ.એસ.સી. તથા કોલેજના વિદ્યાર્થીઓ આ સત્રનો લાભ લઈ રહ્યા છે. સમય સાંજના ૭-૩૦ થી ૯-૩૦નો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# દમણનિવાસી શ્રી સુંદરલાલ ઉત્તમચંદ શાહ

### જીવનની ટૂંકી રૂપરેખા



દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રયીનો સુમેળ જેના જીવનમાં ચરિતાર્થ થયેલો જોવામાં આવે છે, તેમજ ધર્મ અને ધન બંનેનો સમન્વય થયેલો છે, એવા આ સભાના નવા પેટ્રન શ્રી સુંદરલાલ ઉત્તમચંદ શાહનું જીવન અનેક રીતે ભારે પ્રેરણાદાયી અને અનુમોદના રૂપ છે.

તેમના વડીલો આમ મૂળ તો ખંભાતમાં રહેતા હતા, પણ છેલ્લા લગભગ ત્રણસો વરસથી તેમના વડીલો દમણરોડમાં આવી વસ્યા. ભારત સ્વતંત્ર બન્યું તે પહેલાં દમણ એ પોર્ચ્યુગીઝ હકુમત નીચે હતું. ત્યાં મુક્ત વેપારની સગવડતાને કારણે તેની જાહોજલાલી પણ ભવ્ય હતી. જૈન કોમ વેપારી અને ભારે વ્યવહાર કુશળ છે, એટલે જે પણ પ્રદેશમાં તેનો વાસ હોય ત્યાં તેનું મુખ્ય વર્ચસ્વ હોય છે. શ્રી સુંદરલાલભાઈના વડીલોએ પણ દમણમાં વેપાર જમાવી મોટા પ્રમાણમાં ખેતીવાડી વસાવી. બાપદાદાથી જ તેઓની મોટી જમીનદારી ચાલી આવતી અને તેવા જ પ્રકારની તેમની જાહોજલાલી હતી. ભારત સ્વતંત્ર થયા પછી દેશની સૂરતમાં ભારે પરિવર્તન થયું અને નવા કાયદા કાનૂન નીચે બધી ખેતીવાડીની જમીન ગયા પછી તેઓએ તેમનું લક્ષ માત્ર વેપાર ધંધા પર જ કેન્દ્રિત કર્યું.

સ્વ. શ્રી ઉત્તમચંદ ડાહ્યાચંદ શાહને ત્યાં દમણમાં શ્રી સુંદરલાલભાઇનો જન્મ સંવત ૧૯૫૬ના ફાગણ વદિ ૭ તા. ૨૩ મી માર્ચ ૧૯૦૦ના દિવસે થયો હતો. શ્રી ઉત્તમચંદ શાહને ચાર પુત્રો હતા. શ્રી જેચંદભાઇ, શ્રી સુંદરલાલભાઈ, શ્રી ગુલાબચંદભાઈ અને સૌથી નાના શ્રી સૌભાગ્યચંદભાઈ. જેમાંના શ્રી જેચંદભાઈનો તથા શ્રી સૌભાગ્યચંદભાઈનો સ્વર્ગવાસ થયો છે પિતા શ્રી ઉત્તમચંદભાઈ ઈ. સં. ૧૯૨૫ની આસપાસ સ્વર્ગવાસી થયા. માતુશ્રી શ્રી શીવકોરબેન સં. ૨૦૦૬માં સ્વર્ગવાસ પામ્યા. તેમના ત્રણ વયોવૃદ્ધ બહેનો શ્રી કબલીબેન, જશકોરબેન અને ગુલાબબેન આજે પણ હયાત છે.

શ્રી સુંદરલાલભાઈએ પ્રાથમિક અભ્યાસ દમણમાં જ કર્યો. તેમના લગ્ન નાની વયે જ સુરતનિવાસી શાહ ઉત્તમચંદ નેમચંદની સુશીલ અને તપસ્વી પુત્રી પદ્માવતીબેન સાથે થયા હતા. તેમનો સ્વર્ગવાસ આજથી ૧૫ વર્ષ પહેલાં સં. ૨૦૧૭માં થયો. શ્રી પદ્માવતીબેનના ચિરસ્મરણાર્થે અગાશી ધર્મશાળામાં યોગ્ય દાન આપી 'પદ્માવતી હોલ' કરાવેલ છે, જે ધર્મશાળાની શોભામાં વધારો કરે છે.

શ્રી સુંદરલાલભાઇને સંતાનોમાં એક પુત્ર અને બે પુત્રીઓ. પુત્ર શ્રી શાંતિલાલભાઈ મુંબઈમાં ધંધો વેપાર કરે છે. ઈ. સ. ૧૯૬૪માં આ કુટુંબ દમણ છોડી મુંબઈમા સ્થાયી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયું. મૂળ વતન દમણમાં તેઓના મકાનો છે અને ત્યાં અવારનવાર જાય છે પણ ખરા. બે પુત્રીઓમાં એક મંજુલાબેન અને બીજા બેનનું નામ કુસુમબેન. બાલ્યાવસ્થાથી જ કુસુમબેનનું જીવન તપ-ત્યાગ-સંયમના રંગથી રંગાયેલું હતું. જન્મના પુણ્યોદયે ચારિત્ર ઉદયમાં આવ્યું અને આ બાળબ્રહ્મચારિણી બેને સં. ૨૦૦૬ની સાલમાં ૨૧ વર્ષની યુવાન વયે પૂ. સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી પાસે દીક્ષા અંગીકાર કરી. દીક્ષિત અવસ્થાનું તેમનું નામ શ્રી પ્રિયંકરાશ્રીજી છે. તપ-ત્યાગ-સંયમમાં આ બેન માતાથી પણ સવાયા થયા અને માસ ક્ષમણ તપ, સિદ્ધિતપ તેમજ એકી જ સાથે ૫૦૦ આંબેલોની તપશ્ચર્યા કરી તપસ્વી બિરુદ પ્રાપ્ત કર્યું છે. જે કુટુંબમાં કુસુમબેન જેવી પુત્રીનો જન્મ થાય છે તેના માતા પિતા અને કુટુંબ ધન્ય બને છે. ઈ. સ. ૧૯૬૩માં દમણમાં શ્રી સુંદરલાલભાઇએ સાધ્વીશ્રી પ્રિયંકરાશ્રીનું તેમજ તેમની સાથે ૧૬ ઠાણાઓનું ચોમાસું અત્યંત આનંદ અને ઉલ્લાસપૂર્વક કરાવ્યું હતું.

શ્રી સુંદરલાલભાઈના એકના એક પુત્ર શ્રી શાંતિલાલભાઇને ત્યાં છ પુત્રો અને બે પુત્રીનો પારવાર છે. મુંબઈમાં તેમની માલિકીના બે મકાનો છે. લાભથી લોભ વધે છે એમ કહેવાય છે, પણ આ વાત શ્રી સુંદરલાલભાઇએ માત્ર ચાલીસ વર્ષની વયે સક્રિય ધંધામાંથી નિવૃત્ત થઈ જઇ ખોટી પાડી છે. આજે સિત્તોતેર વર્ષની વયે પણ તેઓએ એવી સરસ તંદુરસ્તી જાળવી રાખી છે, કે આજના યુવાનોને પણ તેમના દેહની કાંતિ જોઇ શરમ થયા વિના ન રહે. આવી તંદુરસ્તીના મૂળમાં મુખ્યત્વે તેમનું તપ, સંતોષ અને જીવનની રહેણી કરણી છે. ત્રેસઠ વર્ષની વયે પણ તેઓએ માસક્ષમણ જેવું આકરું તપ અને ચોસઠ વર્ષની વયે તેમણે મહાન સિદ્ધિ તપ કરી માનવ જીવનનો અનેરો લાભ લીધો છે. આ સિવાય સોળ ઉપવાસ, પંદર ઉપવાસ અને એવી નાની મોટી તપશ્ચર્યા તેઓ કરતાં જ આવ્યા છે. ભારતના તમામ જૈન તીર્થોની યાત્રા પણ તેમણે કરેલી છે.

ભર્તૃહરિએ યથાર્થ જ કહ્યું છે કે, "दानेन पाणिर्न तु कंकणेन" અર્થાત્ દાનથી જ હાથની શોભા વધે છે. કલિયુગનો મહાન ધર્મ દાન જ છે. ભોગનું પરિણામ વિનાશ છે, ત્યારે દાનનું પરિણામ અમરત્વ છે. આ સૂત્રને શ્રી સુંદરલાલભાઇએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરેલું છે. ઇ. સ. ૧૯૬૫માં તેમણે શ્રી સૌભાગ્યચંદ હેમચંદ શાહ સાથે સંયુક્ત રીતે મુંબઈથી પાલીતાણા-સંખેશ્વરજીનો સ્પેશ્યલ ટ્રેઇનમાં એક ભવ્ય યાત્રા સંઘ કાઢયો હતો, જેમાં ૧૨૦૦થી પણ વધુ ભાઇ બહેનો હતા. સંઘની વ્યવસ્થા એટલી ઉત્તમ હતી કે આજે પણ યાત્રિકો તે સંઘના સ્મરણો યાદ કરે છે.

અગાશી તીર્થમાં રૂા. ૬૧૦૦૦નું દાન કરી ત્યાંની ધર્મશાળા સાથે સુંદરલાલ શેઠનું નામ જોડવામાં આવ્યું છે. પાલિતાણા ગુરુમંદિરમાં ૨૧,૦૦૦ અમદાવાદ ઓપેરા સોસાયટી મંદિરમાં રૂા. ૧૦,૦૦૦ મહાવીર જૈન વિદ્યાલયમાં એક સ્કોલર માટે રૂા. ૧૨૫૦૦, સુરત વીશા શ્રીમાળી જ્ઞાતિ કેળવણી વિભાગમાં રૂા ૨૫૦૦૦ તેમજ માંદા માણસોની સારવાર અર્થેના વિભાગમાં પણ રૂા. ૨૫૦૦૦નું દાન કર્યું છે. આ સિવાય પાલીતાણાની શેત્રુંજય વિહારની ધર્મશાળા, શ્રી બાબુભાઈ ફકીરચંદ કેળવણી ફંડ તેમજ અનેક સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓમાં યથાશક્તિ છુટા હાથે દાન કરેલ છે.

શ્રી સુંદરલાલભાઇ જેવા એક ધર્મનિષ્ઠ, દાનવીર અને સચ્ચરિત મહાનુભાવ આ સભાના પેટ્રન થયા તે માટે અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમના હાથે લોક કલ્યાણના અનેક શુભ કાર્યો થાય એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૩ | વિ. સં. ૨૦૩૨ વૈશાખ : ઇ. સ. ૧૯૭૬ મે | અંક : ૭

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા • સહતંત્રી : શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી

# મહાવીર સ્મૃતિ

એવો અલબેલો તું વીર, તુંને કેમ વિસરાય રે;
તુજ અનુપમ મૂર્તિ નિરખતાં, દિલ મ્હારૂં લોભાય રે. એવો૦


તુજ મૂર્તિ દેખી મનોહારી, ઉરે સ્નેહ ઉપજ્યો અતિ ભારી;
તમારૂં પૂજન કરતાં પ્રિતે, જેથી શરીર થાય સુખકારી. એવો૦

નામ તમારૂં વીર છે, ગુણનો ભંડાર છે;
દષ્ટિ નિહાળું મ્હારી, ત્યાં તેજનો અંબાર છે. એવો૦

તુજ રૂપનું શું વર્ણન કરૂં, તું તો નિરંજન નિરાકાર છે;
સેવા કરૂં ત્હારી એક ચિત્તે, તો જીવન બેડો પાર છે. એવો૦

તુજ ગુણ ગાવા ચાહું છું, પણ સાવ શક્તિહીન છું;
બે હસ્ત જોડી કરૂં વિનંતી, સામે ઊભો દીન છું. એવો૦

રચયિતા :
જયંતિલાલ મોહનલાલ ઝવેરી
અમદાવાદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નારી કે નારાયણી ?

—મનસુખલાલ તારાચંદ મહેતા

કેટલાક વરસો પહેલાંની વાત છે.

શ્રી શત્રુંજય તીર્થક્ષેત્રની નજીકમાં અત્યંત સુંદર અને રળિયામણું તલાજા ગામ આવેલું છે. ગામની નજીકમાં જ તાલધ્વજની સુંદર ટેકરી આવેલી છે, જ્યાં આજે આપણા અત્યંત સોહામણા મંદિરો થઈ ગયાં છે. એ તાલધ્વજની ટેકરીમાં આજે પણ કેટલીક ગુફાઓ છે, જેમાં એક 'એભલ મંડપ'ની ગુફા છે, તેની આ વાત છે. મહુવાથી પાલીતાણા જતાં આજે તો તલાજા સ્ટેશનની સગવડતા થઈ ગઈ છે, પણ જે વખતની આ વાત છે તે વખતે ત્યાં નહોતી તો રેલ્વે લાઈન કે ન હતો કોઈ સરીયામ ધોરી રસ્તો.

તલાજાથી થોડે દૂર એક રળિયામણી જગ્યામાં સુંદર નેસ આવેલો હતો, જ્યાં કેટલાંક ભરવાડ અને ચારણ કુટુંબો ઢોરો રાખીને રહેતાં હતાં. એક વખત ધૂમ તડકામાં કેટલાંક સાધુ ભગવંતો તલાજા તરફ વિહાર કરતાં આ નેસમાં જઈ પહોંચ્યાં. ભલા અને ભોળા માણસોએ મુનિરાજોની આગતા સ્વાગતા કરી અને રાત ત્યાં રહી સવારના જવા વિનંતી કરી. સાધુઓએ રાત રહેવા સ્વીકાર્યું. રાતે નેસના સ્ત્રી પુરૂષોએ મુનિરાજને ઉપદેશ સંભળાવવા વિનતિ કરી. અજવાળી રાત હતી, ચાંદની ખીલી હતી અને સુંદર પવન હતો. દિવસની અસહ્ય ગરમીનો બદલો રાતની ગુલાબી ઠંડીથી વળી જતો.

ગુરુદેવે વિચાર્યું કે આ બધા લોકો અભ્યાસી કે સંસ્કારી ભલે ન હોય, પણ પાપભીરુ તો ચોક્કસ છે, એટલે તેમને જે કાંઇ કહેશું તેનો શકય એટલો અમલ તો જરૂર કરશે. ઘણા રીઢાં અને પીઢ શ્રોતાઓ વ્યાખ્યાનો તો રોજ સાંભળતા હોય છે, પણ તે બધું એક કાનમાંથી બીજા કાને નીકળી જતું હોય છે, એ વર્ગના આ લોકો નથી તે વાત ગુરુદેવ જાણુતા હતા. ગુરુદેવે તેઓને ઉપદેશ આપતાં કહ્યું: "મહાનુભાવો! માણસ જેવું કર્મ કરે છે તેવું તેને ફળ પણ મળે જ છે. તેમ છતાં કર્મ ફળનો આધાર, ક્રિયા કરતાં તેની પાછળ મનમાં જે ભાવો હોય છે, તેની પર રહે છે એટલે તમે સૌ જે શુભ કાર્યો કરો, તેની પાછળ શુભ અને પવિત્ર ભાવના રાખજો. ધર્મશાસ્ત્ર કહે છે કે ભાવ વિનાના ક્રિયા કાંડ ફળતાં નથી."

શ્રોતાજનોમાંથી સાંઇ નામની એક ચારણ બાઈએ પૂછયું: "બાપજી! કોઈ કામ આમ તો સાચું, સારૂં અને શુભ હોય, આપણું મન પણ તે કરવાનું કહેતું હોય, પણ લોકદૃષ્ટિએ તે નિંદ્ય હોય, તો તે કરવું કે ન કરવુ ?"

મહારાજશ્રીએ કહ્યું : 'બેન! ઈશ્વર અને સત્ય બંને એક જ છે, ભિન્ન ભિન્ન નથી. માટે કોઇ પણ સત્કાર્ય જો શુભ ભાવે, શુદ્ધ ધ્યેય અને નિષ્ઠાપૂર્વક આચરવામાં આવે, તો તેમાં કશું ખોટું નથી. લોકદૃષ્ટિએ કદાચ નિંદ્ય હોય તો પણ તેવું કાર્ય કરવું. માણસે શુભ અને શુદ્ધ કાર્યો કાંઈ લોકોના મનરંજન માટે કરવાના નથી હોતા. ભય, શરમ, લજ્જા કે મુશ્કેલીના કારણે સત્ય કામ કરતાં અટકવું ન જોઇએ, જો આપણુને ખાતરી થાય કે અમુક કાર્ય કરવાની આપણી ફરજ અને ધર્મ છે. દુનિયા તો દોરંગી છે, એની વાતો સામે ન જોતાં આત્માર્થી માણસ તો તેને જે સાચું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગે છે, તે જ કરે છે.” બીજા દિવસે વહેલી પ્રભાતે તો સાધુ ભગવંતો તલાજા તરફ વિહાર કરી ગયા.

થોડા સમય બાદ એ પંથકમાં ભીષણ દુષ્કાળ પડ્યો. તળાજાની આસપાસના પ્રદેશમાં ઉપરાઉપર પાંચ છ વર્ષ દુકાળી ચાલતી રહી માણસો, પશુઓ અને પંખીઓ પાણી વિના ટળવળતા. ક્યાંય એક પાણી ટીપું પણ જોવા ન મળે. ચુનંદા જ્યોતિષીઓ પાસેથી તળાજાના રાજા એભલે જાણ્યું કે, કોઇ મેલી વિદ્યાના જાણકારે એક મૃગલાને શીંગડે મંત્રેલું માદળીયું બાંધી દીધું છે, જે કારણે વરસાદ વરસતો નથી એ માદળીયું જેવું તૂટશે કે અનારાધાર વરસાદ શરૂ થશે. પરંતુ ત્યાં સુધી વરસાદની આશા રાખવી એ વ્યર્થ છે.

તે વખતના રાજવીઓ પોતાની રૈયતના દુઃખને પોતાનું જ દુઃખ માનતા. પ્રજાનું દુઃખ એ રાજાના પાપનું પરિણામ છે, એવી એક માન્યતા હતી. એભલે પ્રજાનું દુઃખ દૂર કરવા દૃઢ નિશ્ચય કર્યો અને રાજ વહીવટ પોતાના પુત્ર અણોને સોંપી, તે પેલા હરણની શોધમાં જંગલ તરફ ચાલી નીકળ્યો. તેણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી આ કાર્ય સિદ્ધ ન થાય, ત્યાં સુધી હું પાછો નહિ આવું. ઘણા દિવસોની શોધ અને રખડપાટ પછી એભલના હાથમાં પેલું હરણ સપડાઈ ગયું. હરણને પકડી માદળીયું છોડી લેતા મુશળધાર વરસાદના પાણીથી લદબદી ગયો અને ઠંડીથી હુંઠવાઇ ગયો. કડકડ સુધી પાણીમાં ઘોડો પણ ક્યાંથી ચાલી શકે? એભલ તો ઘોડા પર જ પોતાનું ભાન ગુમાવી બેઠો, જો કે હાથમાં લગામ બરોબર પકડી રાખી હતી.

ઘોડો વગડાની આવૃત્તિરૂપ નેસના એક મકાન આગળ જઇ પહોંચ્યો. મધરાતનો સમય હતો. નેસમાં માત્ર કેટલીક સ્ત્રીઓનો જ વાસ હતો. પુરુષવર્ગ તો દુષ્કાળના કારણે ઢોરો લઈ દૂરના પ્રદેશમાં ચાલી ગયો હતો. ઘોડાનો હણહણાટ સાંભળી મકાનમાંથી એક દયાળુ બાઈ બહાર આવી. અનરાધાર વરસાદના કારણે અસવાર તો બેશુદ્ધ થઇ ગયો હતો. ઘરમાં અન્ય કોઈ નહોતું. બહાર જઇ કોઇને બોલાવી લાવવાનું પણ શક્ય નહોતું. બાઈ ભારે વિમાસણમાં પડી, પણ તેના સમજવામાં આવી ગયું કે, ઘોડા અને અસવાર ને જો તાત્કાલિક સહાય કરવામાં નહિ આવે, તો પ્રભાત સુધીમાં તો બંને મરણને શરણ થઈ જવાના.

એ બાઈ સાંઇ ચારણ હતી અને વરસો પહેલાં મુનિ ભગવંતો જ્યાં રાત રહ્યાં હતાં તે જ નેસ હતો. સાંઈ ભારે કાઠાળી, હાડેતી અને જુવાન જોધ હતી. વિચારમાં પડી કે જ્યારે ઘરમાં એકલી જ છું, ત્યારે આ પરાયા પુરુષને હું ઘરમાં કેમ રાખી શકું? લોકો તો આ વાત ન સહી શકે, પણ મારો ચારણ પણ ન સહી શકે. પુરૂષ માત્ર આવી બાબતમાં તો જાણે ઝેરી ફણધર નાગ! પ્રથમ તો તેણે વિચાર્યું કે ઘોડા અને અસવારના ભાગ્યમાં આમ જ મૃત્યુ થવાનું માંડયું હશે. પણ બીજી જ પળે મુનિરાજ પાસેથી સાંભળેલી વાત યાદ આવી. “ઇશ્વર અને સત્ય બંને એક જ છે, ભિન્ન ભિન્ન નથી. ભય, શરમ, લજ્જા કે મુશ્કેલીના કારણે સત્ય કામ કરતાં અટકવું ન જોઇએ, જો ખાતરી થાય કે અમુક કાર્ય કરવાની આપણી ફરજ અને ધર્મ છે.” આ માનવીનો જીવ બચાવવા કદાચ મારે મરવું પડે તો પણ તેથી શું? ઘોડો અને અસવાર તો બચી જશે ને! અને માનવ માત્રને વહેલા મોડા મરવાનું તો નિશ્ચિત જ છે, તો પછી જીવતા રહેવાનો વળી વસવસાટ શો? પછી તો સાંઇએ મનમાં નિશ્ચય કરી લીધો.

સાંઇએ નિશ્ચેષ્ટ અસવારને તેડી લઈ ઘરમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જઈ ખાટલા પર સુવાડ્યો. ઘોડાને નજીકના છાપરામાં લઈ જઈ તેના પર કંતાન ઢાંકયાં. પણ હવે જ ખરી કસોટી હતી. ઘરની બહાર રાખેલા બળતણના લાકડાં છાણાં તો વરસાદમાં તણાઈ ગયા હતા. બ્રાન્ડી કે સુંઠ તો ત્યાં કયાંથી હોય ? અસવારના નાક પાસે આંગળી રાખતાં જણાયું કે ધીમો ધીમો શ્વાસ ચાલુ છે. અસવારના ભીનાં લબ્દો થઇ ગયેલાં વસ્ત્રો કાઢીને સૂકવ્યાં તેમજ આખુયે શરીર લૂછી નાખ્યું. પણ હવે શું કરવું ? આ માનવીના દેહને ગરમી કઇ રીતે પહોંચાડવી ? વિધાતાએ સ્ત્રીને અજબ ગજબની બુદ્ધિ આપી છે. સાંઈના મનમાં આ માટે વિચાર તો સૂઝયો, પણ તે ભારે જોખમી અને ખતરનાક હતો. ધાબળા કે ગોદડાંથી કાર્ય ન સર્યું અને અસવારનો શ્વાસોશ્વાસ ધીમો પડતો જતો હતો. સાંઇએ નિશ્ચય કરી લીધો કે અસવારની પડખે સૂઈ જઈ માતા બાળકને જેમ હૂંફ આપે છે, તેમ મારા દેહની ગરમીનો તેના શરીરને સ્પર્શ કરાવું એ જ એક માર્ગ છે. કોઈ પણ નારી માટે આ કાર્ય અત્યંત વિકટ અને જોખમી હતું, પણ અન્ય કોઈ માર્ગ નહોતો. સાંઈએ પોતાના ઈષ્ટ દેવને પ્રાર્થના કરી કે આ કાર્ય કરતી વખતે, મારું મન જરા પણ ચલિત થાય તો હે દેવ ! મારા અંગુઠેથી અગ્નિ ઉત્પન્ન કરી મને બાળીને ભસ્મ કરજે ! માનવ મન ભ્રષ્ટ થાય તે પહેલાં તેનું મૃત્યુ થાય એ જ તેના આત્મા માટે ઇષ્ટ છે.

સુશીલ નારી એટલે સાક્ષાત્ સંયમ અને શક્તિનું મૂર્તસ્વરૂપ ! વાસનાને સંયમમાં રાખી તેને ઓગાળી નાખવાની અદ્ભુત કળા નારી જાતિ ધરાવતી હોય છે. ઠંડીથી ઠીંગરાઈ જઇ ચેતના ગુમાવી દીધેલા અજાણ્યા પુરુષના પડખામાં, માતૃવત્ સ્નેહ દ્વારા હૂંફ આપી ગરમી પહોંચાડવા સાંઈ સૂઈ ગઈ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને બાળક સ્વરૂપમાં ફેરવી અનસૂયા તેઓને પયપાન કરાવતી હતી, તે દૃશ્ય તેની સામે હતું. તે રાતે સાંઈ સતી અનસૂયાની બીજી આવૃત્તિરૂપ બની ગઇ.

રાત્રિ નિઃસ્તબ્ધ રીતે પસાર થઇ રહી હતી. રાત્રિના છેલ્લા પહોરે પુરુષની ચેતનામાં સંચાર થયો. આંખો ઉઘાડી જુવે છે તો પડખામાં જ પોતાની માતા હોય તે માફક પેલી ચારણ બાઇને જોઈ સ્તબ્ધ થઈ ગયો. એભલ બુદ્ધિશાળી અને ચતુર હતો એટલે તુરત જ તમામ વસ્તુસ્થિતિ તેના સમજવામાં આવી ગઇ. એભલનું મસ્તક સાંઇને નમી પડ્યું અને ગદ્ગદિત કંઠે કહ્યું : “ મારી માતાએ મને જન્મ આપ્યો, પણ આજે તો તેં જ મૃત્યુના મુખમાંથી મને બચાવી નવું જીવન અર્પ્યું. માતા ! તારો ત્યાગ અને સંયમ અસીમ છે. તારા જેવી જગતની એક અજોડ નારી માટે, મારી જીવતી ચામડીના પગરખાં કરાવી આપું તો પણ, તારા ઋણનો બદલો વળી શકે તેમ નથી. હું તળાજાનો ઠાકોર એભલ છું. કાળી રાતે પણ મારી મદદની જરૂર પડે, તો સંદેશો મોકલવાથી હું તરત હાજર થઈ જઈશ.”

એભલ તો આમ કહી ઘોડા પર બેસી ચાલી નીકળ્યો. સાંઇ તેને જતો જોઈ મનમાં વિચારી રહી કે આવા મહાન રાજવીનું મારી ભીરુતાને કારણે અપમૃત્યુ થયું હોત, તો તે પાતકમાંથી હું કયા ભવે મુક્ત થાત ! સાંઇએ તો સવારે નેસની સ્ત્રીઓને રાત દરમિયાન જે બન્યું હતું, તે બધું કહી દીધું, કારણ કે તે તો નિષ્પાપ હતી. નેસની સ્ત્રીઓ અંદરોઅંદર સાંઇની મજાક ઉડાવતાં કહી રહી હતી: “આમ તો મોટી મરજાદ છે અને પરપુરુષ સામે ઉંચી આંખે જોતી પણ નથી. તો એભલને પડખામાં રાખી આખી રાત સૂઇ રહેવામાં તેનું મરજાદ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણું ક્યાં ઊડી ગયું ? મૂઈ પાછી વાત કરતાંયે લાજતી નથી !"

છીછરા પેટની અજ્ઞાન અને જડ નારીઓ ભારે ઈર્ષાળુ અને નિંદાખોર હોય છે, તેઓની નિર્બળતાનું તેઓના સુષુપ્ત માનસમાં એક પ્રતિબિંબ પડતું હોય છે, જે કારણે આવી નિર્લજ સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓનાં છિદ્રો શોધી, પોતાના જેવી જ ત્રૂટીઓની કલ્પના કરી સાંત્વન પ્રાપ્ત કરતી હોય છે. વરસાદ થતાં નેસના બહાર ગયેલા લોકો પાછા ફર્યા અને સાંઇના વર્તન અંગે મોટો હોળો સળગ્યો.

નેસના લોકો અંદરો અંદર ચર્ચા કરી રહ્યાં હતાં કે માત્ર રાવણના મહેલમાં રહેવાને કારણે, સીતાની અગ્નિ પરીક્ષા પછી પણ રામે તેને જંગલમાં ધકેલી દીધી હતી. તો સાંઇએ તો બાકી જ શું રાખ્યું છે? સાંઇનું પાપ તો અક્ષમ્ય છે. હવે તેનો પતિ તેને એભલની પાસે જ મોકલી આપે, તો બિચારા ત્રણે જીવો સુખી થશે એભલ-સાંઇની જોડી જામશે અને સાંઈના પતિને તો સાંઇ કરતાં સારી પત્ની મળી જ રહેવાની ! આ નેસમાં આવી કલંકિની સ્ત્રીનું મોં આપણે કેમ કરી જોવું ?

अति स्नेहः पापशंकी વધુ પડતો પ્રેમ શંકાકુશંકાનો માર્ગ મોકળો કરે છે. સાંઇના પતિનું પણ એમ જ બન્યું. અમૃતની કૂપી જેવી પ્રિય પત્ની હવે વિષના પ્યાલા સમાન બની ગઇ. દોષોથી ભરેલા અને બદચાલથી ખરડાયેલાં સ્ત્રી પુરૂષો, પોતાના પગ નીચે બળતું જોવાને બદલે, સાધ્વી જેવી સાંઇની પાછળ પડી ગયા. આ જગતનો ક્રમ પણ ભારે વિચિત્ર છે. અહિં સારાનો જ સંહાર થતો જોવામાં આવે છે. **"સત્ય સદા ફાંસીને માંચડે અને અસત્ય સિંહાસને"**નો ક્રમ તો આજે પણ નજરોનજર જોઇએ જ છીએ ને !

સાંઇએ બચાવ અને દલીલ તો કર્યા કે અસવાર એભલ હતો તેની તો ખબર જ તેને પાછળથી પડી. મરણને શરણ થતાં એક માનવીનો જીવ બચાવવા, તેણે તેની માતા બની હૂંફ આપવા જ તે સૂતી હતી. તે નિષ્પાપ અને નિષ્કલંક હતી પણ જ્યાં માનવ રૂપમાં શયતાનો જ વસતા હોય, ત્યાં આવી વાત સમજે કોણ? અને માને પણ કોણ? કહેનારાએ સાચું જ કહ્યું છે કે, **'નારીને રડવા વિના નહિ કર્મમાં બીજુ કંઈ.'**

કડકડતા તેલની કઢાઈમાં સાંઇને નાખવી અને કશી ઇજા ન થાય તો જ તેને નેસમાં રહેવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો. આમ છતાં સાંઈ શાંત અવિચલિત રહી. મૃત્યુ એટલે જીર્ણ વસ્ત્રરૂપી પુરાણાં દેહનો ત્યાગ કરી નવો દેહ પ્રાપ્ત કરવો, એ વાત તેનાં લક્ષમાં હતી. પરમાર્થે જીવનનો અંત આવે, તેને એ ધન્ય મૃત્યુ માનતી. એટલે નેસના સ્ત્રી પુરુષોએ લીધેલા નિર્ણય માટે તેને ન હતો કશો શોક કે ન હતો કશો આઘાત.

સાંઈનો પતિ સાંઇને ઉંચકી તેલની કઢાઈમાં હોમવા જતો હતો, પણ ત્યાં તો એક અજબ ચમત્કાર બન્યો. સાંઈના પતિના દેહના અંગે અંગમાં બળતરા થવા લાગી અને શરીરમાંથી લોહી પરૂ નીંગળવા લાગ્યા. સૌને ભય લાગ્યો અને ત્યાંથી નાસવા લાગ્યા. પછી તો સાંઇ જ પતિની સહાયરૂપ બની ગઈ. ગમે તેવો પણ તે તેનો પતિ હતો. એ સાધ્વી નારીએ પતિની ભૂલ સામે ન જોતાં, પોતાની ફરજ અને ધર્મનો વિચાર કરી પતિદેવની દવા અને ચાંપતા ઇલાજો શરૂ કર્યા. તેણે દઢ નિર્ધાર કર્યો કે મારા પતિની આવી હાલત અંગે હું જ નિમિત્ત રૂપ બની છું અને તેને પાછો સારો કર્યે જ જંપીશ. कार्यं साधयामि वा देहं पातयामि. રક્તપિત્તથી પરેશાન થતા પતિને માથા પર



For Private And Personal Use Only

લઇ તે ગામે ગામ ફરી. વૈદ્યો, હકીમો અને ચિકિત્સકોની કોઇ કારી ન ફાવી એટલે છેલ્લે સાંઈ પતિને લઇ હરદ્વારના યોગી તારકનાથના આશ્રમમાં જઇ પહોંચી.

તારકનાથ મહાન યોગી હતો અને અનેક વિદ્યામાં પારંગત હતો. સાંઇને આશ્રમને આંગણે જોતાં જ તેણે તેને કહ્યું : " બેન ! તારી અવહેલના અને તિરસ્કારના કારણે તારા પતિની આવી સ્થિતિ થવા પામી છે. તીવ્ર પાપ કર્મના ફળ એ જ ભવમાં મળે છે. હવે તું એભલની પાસે જા ! તેને બત્રીસ લક્ષણો પુત્ર છે, તેના લોહીના સ્નાનથી આ રોગ દૂર થશે. એભલ મારો પરમ ભક્ત છે, એકવચની છે અને તેના પર તારા ઋણનો ભાર છે. તારા ત્યાં જતાં પહેલાં મારા એ ભક્તને પ્રેરણા મળી જશે."

સાંઇના પતિને ઉદ્દેશી તારકનાથે કહ્યું : " સાંઈના પુણ્ય પ્રભાવે જ તને નવું જીવન પ્રાપ્ત થશે. જેને નમસ્કાર કરવાથી પાપ મુક્ત થવાય છે, તેવી તારી પત્નીને તેં અને તારા જાતિ ભાઇઓએ ન ઓળખી, એ તમારા સૌનું મોટામાં મોટું કમનશીબ છે. લોકો બધા પાપ ભલે કરે પણ કદી કોઈ સ્ત્રીની આંતરડી દુભાવવાનું પાપ તો ન જ કરે."

સાંઈ પોતાના પતિને લઇ એભલના મહેલમાં જઈ પહોંચી. તારકનાથની વિદ્યા દ્વારા એણે બધી વાત જાણી લીધી હતી. એભલ અને તેની રાણીએ સાંઇના પગની રજ મસ્તકે ચડાવી. રાણીએ કહ્યું, "બેન ! તેં મારું સૌભાગ્ય અખંડ જાળવ્યું છે, હવે તારા સૌભાગ્યને અખંડ રાખવા ઇશ્વરે આજે અમને તક આપી છે. જો કે તેથી પણ તારા ઋણનો બદલો તો વળી શકે તેવું નથી જ !" ત્યાં તો એભલનો પુત્ર અણો ત્યાં હસતો હસતો આવી પહોંચ્યો. આવા બત્રીસ લક્ષણા એકના એક પુત્રનું માથું કાપી નાખતાં એભલની, રાણીની કે રાજકુંવરની છાતી જરાએ ન થડકી. જેનો જન્મ છે તેનું મૃત્યુ પણ નિશ્ચિત જ છે, પરંતુ અન્ય જીવના કલ્યાણ અર્થે જે પોતાનો જીવ સમર્પણ કરે છે, તેનું જીવન સાર્થક છે. એભલના પુત્ર અણોનાં લોહીથી સ્નાન કરી સાંઈનો પતિ રોગમુક્ત બન્યો.

સાંઈ અને એભલની રાણી જેવી અનેક નારાયણીઓ ભારતની ભૂમિ પર થઈ ગઈ છે. યુરોપના એક વિદ્વાને કહ્યું છે કે " ઇશ્વરને બાદ કરતાં આપણે સૌથી વધુ ઋણી નારીના છીએ. સર્વ પ્રથમ તો જીવન માટે અને બીજું એ જીવનને જીવવા યોગ્ય બનાવવા માટે"

જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.



દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર ▭ ભાવનગર ▭ ફોન નં. 4525



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કામભોગ

લેખક : પં. પૂર્ણાનંદવિજયજી (કુમાર શ્રમણ)

ભગવતી સૂત્રના સાતમા શતકના સાતમા ઉદ્દેશામાં સંવરધર્મી આત્મા કામથી, ભોગથી, અને કામભોગથી દૂર રહે છે, એના અનુસંધાનમાં ગૌતમસ્વામી પૂછે છે કે, "કામ શું છે? ભોગ શું છે? આ બંને રૂપી છે? અરૂપી છે? સચિત્ત છે? અચિત્ત છે? જીવ છે? અજીવ છે? કામભોગ જીવોને હોય છે? કે અજીવોને હોય છે?"

ચરાચર સંસારને પ્રત્યક્ષ કરનાર ભગવાન મહાવીરસ્વામીએ જવાબમાં કહ્યું કે, "કામો રૂપી જ હોય છે, અરૂપી નથી હોતા. કેમકે કામની ઉત્પત્તિ ઇચ્છામાંથી થાય છે, ઇચ્છા મોહથી ઉદ્ભવે છે; મોહ કર્મ છે, અને કર્મો પુદ્ગલ જ હોય છે. તથા પુદ્ગલ માત્ર રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા હોવાથી મૂર્ત્ત કહેવાય છે. માટે કામો અને ભોગો પણ રૂપી હોય છે અને તે જીવોને જ હોય છે, અજીવોને નથી હોતા."

માનસિક જીવનમાં જેની અભિલાષા થાય, પરંતુ શરીરના સ્પર્શ દ્વારા જે ભોગવવામાં આવતા નથી તે કામ કહેવાય છે. અને શરીર દ્વારા જેનો ભોગ થાય તે ભોગ છે.

શબ્દ અને રૂપ આ બે કામો છે.

ગંધ, રસ અને સ્પર્શ આ ત્રણે ભોગ છે.

પંચેન્દ્રિય જાતિ નામ કર્મને લઇ, પાંચે ઇન્દ્રિયોને પ્રાપ્ત થયેલા જીવને પાંચે કામ ભોગો હોય છે. અહીં કામ ભોગથી એકલો વિષય-વાસનાનો ભોગ નહીં લેતા, પાંચે ઇન્દ્રિયો પોત પોતાના કામોમાં અને ભોગોમાં અત્યંત આસક્ત બનીને તીવ્રાભિલાષ પૂર્વક કામોને તથા ભોગોને કરે તે કામભોગ કહેવાય છે. ઇન્દ્રિયોના વિષયો નિયત છે. તે આ પ્રમાણે–

સ્પર્શેન્દ્રિય પદાર્થમાં રહેલા સ્પર્શનું ગ્રહણ કરે છે.

રસનેન્દ્રિય પદાર્થમાં રહેલા મધુરાદિ રસને ગ્રહણ કરે છે.

ઘ્રાણેન્દ્રિય પદાર્થમાં રહેલા સુગંધ કે દુર્ગંધનો ગ્રાહક છે.

ચક્ષુરિન્દ્રિય પદાર્થમાં રહેલા વર્ણાદિને ગ્રહણ કરે છે.

શ્રોત્રેન્દ્રિય શબ્દને ગ્રહણ કરનાર છે.

ઉપરની પાંચે ઇન્દ્રિયો મનને સ્વાધીન હોય છે. મન, આત્માને આધીન છે, તેથી અનાદિ કાળથી આત્માએ અનંત ભવોમાં અનંતાનંત પદાર્થોનો કામભોગ કર્યો છે. માટે તે પ્રત્યેક ભવના કામભોગોના સંસ્કારો આત્માના પ્રત્યેક પ્રદેશો ઉપર વિદ્યમાન હોવાથી, પ્રત્યેક આત્માની સહજ ગતિ કામ ભોગોને મેળવવાની જ હોય છે. અનાદિકાળથી લંગોટીઆ મિત્ર જેવું 'મન' પણ તેમાં સાથ આપે છે, અને મનથી પ્રેરિત થઇને ઇન્દ્રિયો પણ પોતપોતાના કામો અને ભોગો તથા કામભોગોને મેળવવા માટે આત્માને સાથ દેવા સદૈવ તત્પર જ હોય છે. એવી સ્થિતિમાં શરાબપાનના નશાની જેમ કામભોગોનો નશો પણ આત્માને કિંકર્તવ્યમૂઢ બનાવીને ભયંકરમાં ભયંકર દુષ્કૃત્યો અને દુરાચારો તરફ પ્રસ્થાન કરાવે છે.

જ્ઞાનરૂપી તલવાર અને વૈરાગ્યરૂપી ઢાલ વિનાના આત્માને પાંચે ઇન્દ્રિયોના ૨૩ કામ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોગોની સ્મૃતિ પ્રતિક્ષણે સતાવી રહી હોય છે. દિવસ અને રાતના ૨૪ કલાક ( એક કલાકની ૬૦ મિનિટ, ૧ મિનિટની ૬૦ સેકન્ડ, અને ૧ સેકન્ડની ૬૦ પ્રતિસેકન્ડ હોય છે ) કામભોગોથી વાસિત આત્મા, ચાહે ગમે ત્યાં બેઠો હશે તો યે પ્રતિસેકન્ડ માટે પણ કામભોગોનો વિચાર છોડી શકે તેમ નથી

કદાચ ક્ષણસ્થાયી અપુષ્ટ વૈરાગ્યના કારણે કામભોગોથી થોડીવારને માટે મુક્ત થવાની ચાહના કરે છે, પણ અત્યંત બળવત્તર અવસ્થાને પ્રાપ્ત થયેલા કામભોગો આત્માને છોડવા તૈયાર નહીં હોવાથી ગમે તે પ્રતિસેકન્ડે પણ આત્મા કામભોગોને આધીન બને છે.

બેશક ! મોહરાજાના અત્યંત સશક્ત સૈનિક પદવીને ધારણ કરનારા આ કામભોગો વૈરાગ્યવાસિત આત્માની સામે હતાશ થઈને કમજોર બની જાય છે. અન્યથા ગમે તેવા સાધકને ચાહે તે નગ્ન હોય, ઉપવાસી હોય, નિરંતર ઉપવાસી હોય તો પણ નંદિષેણ, રહનેમિ કે અરણિકની જેમ ચલાયમાન કરતા વાર લાગતી નથી.

મોહરાજાએ પોતાની સભામાં આ સૈનિકોને એટલુ જ કામ સોંપ્યું છે કે "તેઓ સાધક માત્રને સૌથી પહેલાં પદાર્થ માત્રને સ્પર્શવાની, રસાસ્વાદ કરવાની, સૂંઘવાની, જોવાની અને સાંભળવાની ઇચ્છા (અભિલાષા) ઉત્પન્ન કરાવી આપે." અને એકવાર આત્મામાં કામભોગોની અભિલાષા થઈ તો મનમાં ચંચલતા પ્રવેશ થતાં જ ગમે તેવા પ્રતિકારોને ઠોકરે મારીને પણ તે સાધક કામભોગોને મેળવવા માટેની પ્રવૃત્તિઓને સ્વીકાર્યા વિના રહે તેમ નથી. અને જેમ જેમ તે પદાર્થોને સ્પર્શવાની, ચાખવાની, સૂંઘવાની, જોવાની કે સાંભળવાની ઇચ્છા વધતી જશે તેમ તેમ 'કામ'નું પ્રાબલ્ય તેના આત્માના પ્રત્યેક પ્રદેશમાં જોર કરશે. આ પ્રમાણે વૃદ્ધિને પામેલી 'કામેચ્છા' પછી તે મનગમતા પદાર્થોને ખાવાની હોય, પરસ્ત્રી આદિનો સ્પર્શ કરવાની હોય, સુગંધી પદાર્થોને સૂંઘવાની હોય, મનગમતી સ્ત્રીને જોવાની હોય કે મનગમતા શબ્દોને અથવા પ્રાણપ્યારી વ્યક્તિના શબ્દોને સાંભળવાની હોય, આત્માને અત્યંત કામી બનાવશે.

'कामात्क्रोधोऽभिजायते.... '

આપણા જ જીવનમાં લાખો વાર બનેલી ઘટનાઓને યાદ કરીએ તો સહજ સમજી શકાય છે કે જ્યારે જ્યારે આપણે ક્રોધાવેશમાં આવ્યા છીએ ત્યારે ત્યારે તેના મુખ્ય કારણરૂપે 'કામ' (પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોને પ્રાપ્ત કરવાની લાલસા) જ હોય છે. માટે જ કામથી ક્રોધ ઉદ્ભવે છે કેમકે ભોક્તાના પુણ્ય કર્મો પ્રત્યેક સમયે એક સમાન નથી હોતા. માટે જ મનગમતા ભોગ્ય પદાર્થોના ભોગવટામાં જ્યાંથી પ્રતિકાર થાય છે, ત્યાં ક્રોધની માત્રા ભડકયા વિના રહેવાની નથી. અથવા જે પદાર્થ આપણો ભોગ્ય હોય, તેનો અને તેના પર વર્ચસ્વ જમાવનારનો મિજાજ આપણા પ્રત્યે એક સમાન ન હોય ત્યારે તે ભોગ્ય પદાર્થ પર અથવા તેના માલિક ઉપર રોષ ઉત્પન્ન થાય છે, જેમકે:—

૧. મનગમતી સ્ત્રી સાથે બોલવા ચાલવામાં પણ જે વ્યક્તિ આપણને રોકે છે, તેના પ્રત્યે ૧૦૮ ડીગ્રીનો ક્રોધ થયા વિના રહેવાનો નથી.

૨. મનગમતા રંગના કપડા, મનગમતી કટીંગ સીલાઇ આદિ ન થવાને કારણે ક્રોધમાં ને ક્રોધમાં કપડું લાવનાર પિતાને સીવવાવાલા દરજીને હજારો ગાળો ભાંડી દઇએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩. ઇચ્છા પ્રમાણેની ચટણી, મસાલો તથા ભોજનીયા અને પેય પદાર્થો નહી મળતા, ભરેલી થાળીને કે પેય પદાર્થોના ગ્લાસોને પણ રસોઇ કરનાર ઉપર ફેંકી દેતા કેટલી વાર લાગે?

૪. મનગમતી સ્ત્રીનું કે મનગમતા પુરૂષનું આલિંગન કરવાનો ચાન્સ મળે, અને તેવા સમયે કોઈ આપણુને સલાહ દેવા તૈયાર થાય ત્યારે આપણા મનજીભાઈનો મિજાજ જોવા જેવો થઈ જાય છે. સલાહ દેનાર આપણો ગુરૂ હશે તો યે તે સમય પૂરતો કે ભાવીને માટે પણ આપણને હાડવૈરી જેવો લાગશે.

૫. અને આંખો બંધ કરીને મંદિરમાં બેઠા પછી પણ પાછળથી મનગમતી વ્યક્તિનું ગીત જ્યાં આપણા કાને પડયું કે તરત જ આપણા ધ્યાન, આસન અને પ્રાણાયામની દશા ચલિત થઈ જાય છે.

આ પ્રમાણે કામોમાંથી ક્રોધની ઉત્પત્તિ પ્રત્યક્ષ ગમ્ય છે. યોગશાસ્ત્રમાં હેમચન્દ્રાચાર્ય મહારાજા પણ કહે છે કે, “कषायान् विजेतुं, इन्द्रियाणां जयनं आवश्यकमेव....” એટલે કે કષાયોને જીતવા માટે ઇન્દ્રિયો ઉપર જય મેળવવાની પ્રથમ આવશ્યકતા છે.

ક્રોધની માત્રા જ્યારે વધી જાય છે ત્યારે માનવના જીવનમાં મૂઢ અવસ્થા આવી જાય છે અને સાધક વિવેકશૂન્ય બને છે.

મૂઢાવસ્થામાંથી સ્મૃતિનો નાશ થાય છે.

સ્મૃતિનો નાશ થાય છતાં તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો નિર્ણય કરાવનારી આત્માની સદ્બુદ્ધિ નામની પટ્ટરાણી પણ રીસાઇને પોતાને પીયર ચાલી જાય છે. અને અનાદિકાળની વેશ્યા જેવી દુર્બુદ્ધિ જ સાધકના ગળે વળગીને સાધકને સર્વથા ભ્રષ્ટ કરે છે. આ બધા કારણોથી શાસ્ત્રકારોએ કામભોગોને દુસ્ત્યાજ્ય કહ્યા છે, કેમકે એક પછી એક ગુણઠાણાઓને પ્રાપ્ત કરવાની સાધકની ઇચ્છાને સમૂળ નાશ કરાવનાર આ કામભોગો છે.

યોગિરાજ આનંદઘનજીએ પણ ઠીક કહ્યું છે કે :-

‘આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકુ’ એટલે કે વ્યાખ્યાતા કે પાઠકના હાથમાં ભગવતી સૂત્ર કે કલ્પસૂત્રના પાના રહે છતાં પણ આંખ ઇન્દ્રિય પોતાની ચાલાકી, અને કાન પોતાનો વક્રસ્વભાવ છોડે તેમ નથી, તો પછી સ્પર્શેન્દ્રિય જીભ કે નાક ઇન્દ્રિયો પોતાના વિષય ભોગવટામાં શા માટે પાછળ રહે?

ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાને કામભોગોને શલ્ય અને વિષ જેવા કહ્યાં છે. શલ્ય એટલે કામભોગરૂપી કાંટો. આપણે સૌ જાણીએ છીએ કે, નેમિનાથ ભગવાન પાસે દીક્ષિત થયેલા તેમના જ નાના ભાઈ રથનેમિના મનમાં રાજીમતી અંગેનો કામભોગનો ભાવ રહી જતાં કેવી દશા થઈ હતી! વિષ અને વિષયમાં એક જ અક્ષર વધારે છે, છતાં સાધકના અનંત ભવોને બગાડનાર વિષય છે; ત્યારે વિષનો ઉપયોગ તો એક જ ભવ બગાડે છે.

માટે આત્માનું અધઃપતન કરાવનારા ઇંદ્રિયોના કામભોગોમાં રાગ-દ્વેષ વિનાનું મન કરી, પોતાના આત્મામાં સ્થિર થવું એ જ હિતાવહ માર્ગ છે. પૂર્વના પુણ્યોદયે પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોની પ્રાપ્તિ થયા પછી તેમના ભોગવટામાં વિવેક રાખવાનો છે જેમકે :—

(૧) પુણ્યાનુબંધી પુણ્ય—અગણિત ધન-




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાશિ, યુવાવસ્થા, રૂપાળું શરીર અને મન ગમતા ભોગ્ય પદાર્થો મળે છતાં જિનદેવના ધર્મનો આશ્રય લઇને નિરર્થક પાપોમાંથી બચી જવાના ઈરાદાથી, પોતાનું ધન મહાવ્રતધારીઓના દર્શન, જ્ઞાન અને ચારિત્રની વૃદ્ધિ થાય તે અર્થે ઉપયોગમાં લેશે, યુવાવસ્થાને ઉંધે માર્ગે નહી લઈ જતા ભોગ્ય રાત્રિઓને પણ મર્યાદિત કરશે. રૂપાળા શરીરમાં એક પણ દુર્ગુણ પ્રવેશ ન કરે તેની કાળજી રાખશે અને ભોગ્ય પદાર્થો પોતાને આર્તધ્યાન ન કરાવે તે માટે સાવધાન રહેશે.

(૨) પુણ્યાનુબંધી પાપ, પાપકર્મોની તીવ્રતાના સમયે પણ પોતાના આત્માને સંયમિત કરી, કામભોગોના ભોગવટામાંથી મનને દૂર કરી સદ્બુદ્ધિ, સદ્વાસના અને સદ્વિવેકનો માલિક બનશે. આ પ્રમાણે સાધક માત્ર કામભોગોને જ પોતાના શત્રુ સમજીને તેનાથી દૂર રહે એજ જૈન શાસનનો ઉપદેશ છે.



લોખંડ
ના

“ બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે. ”

ગોળ અને ચોરસ સળીયા
પટ્ટી તેમજ પાટા
વિગેરે મળશે
ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
રૂવાપરી રોડ : ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન
ઓફીસ ૫૬૫૦ / ૩૨૧૯
રેસીડેન્સ ૪૫૫૭ / ૫૫૨૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યક્ષ–યુધિષ્ઠિર પ્રશ્નોત્તરી

સંગ્રાહક–ખી. ચાં. શાહ

મહાભારતના વનપર્વના એક અધ્યાયમાં યક્ષ અને યુધિષ્ઠિરની પ્રશ્નોત્તરી આપવામાં આવી છે યક્ષ પ્રશ્નો પૂછે છે, અને યુધિષ્ઠિર ઉત્તરો આપે છે આ પ્રશ્નોત્તરી ખૂબ રસિક અને વિચાર પ્રેરક છે. અહીં હું તેમાના થોડાક પ્રશ્નો અને તેના ઉત્તરો આપું છું.

પ્ર૦ શાનાથી મનુષ્ય શ્રોત્રિય થાય છે? શાનાથી તે મહાન બને છે? શાથી તે દ્વિતીયવાન (સાથીવાળો) બને છે અને શાથી તે બુદ્ધિમાન થાય છે?

ઉ૦ શાસ્ત્રાધ્યયનથી મનુષ્ય શ્રોત્રિય થાય છે, તપથી મહાન બને છે, ધીરજથી તે સાથીવાળો બને છે અને વૃદ્ધોની સેવાથી તે બુદ્ધિમાન થાય છે.

પ્ર૦ કોણ પૃથ્વી કરતાં પણ વિશેષ ભારે છે? કોણ આકાશ કરતાં પણ વધારે ઉચ્ચ છે? કોણ વાયુ કરતાં પણ વધારે વેગવાન છે? અને કોણ તરણા કરતાં યે વધારે તુચ્છ છે?

ઉ૦ માતા એ પૃથ્વી કરતાં વિશેષ ભારે છે, પિતા એ આકાશ કરતાં વિશેષ ઉચ્ચ છે, મન એ વાયુ કરતાં પણ વધારે વેગવાન છે અને ચિંતા તરણા કરતાં પણ વધારે તુચ્છ છે.

પ્ર૦ પ્રવાસે નીકળેલાનો મિત્ર કોણ? ઘરમાં વસેલાનો મિત્ર કોણ? રોગીનો મિત્ર કોણ? અને મરણની તૈયારીવાળાનો મિત્ર કોણ?

ઉ૦ સહપ્રવાસી પ્રવાસે નીકળેલાનો મિત્ર છે. ભાર્યા એ ઘરમાં વસેલાનો મિત્ર છે. વૈદ્ય એ રોગીનો મિત્ર છે, અને દાન એ મરણની તૈયારીવાળાનો મિત્ર છે.

પ્ર૦ ધર્મનું મુખ્ય સ્થાન કયું છે? યશનું મુખ્ય સ્થાન શું છે? સ્વર્ગનું મુખ્ય સ્થાન શું છે? અને સુખનું મુખ્ય સ્થાન શું છે?

ઉ૦ દક્ષતા એ ધર્મનું મુખ્ય સ્થાન છે, દાન એ યશનું મુખ્ય સ્થાન છે, સત્ય એ સ્વર્ગનું મુખ્ય સ્થાન છે અને શીલ એ સુખનું મુખ્ય સ્થાન છે.

પ્ર૦ ધન્યવાદને યોગ્ય પુરુષોમાં ઉત્તમ ગુણ કયો છે? ધનોમાં ઉત્તમ ધન કયું છે? લાભોમાં ઉત્તમ લાભ કયો છે? અને સુખોમાં ઉત્તમ સુખ કયું છે?

ઉ૦ ધન્ય પુરુષોમાં ઉત્તમ ગુણ દક્ષતા છે. ધનોમાં ઉત્તમ ધન વિદ્યા છે, લાભોમાં ઉત્તમ લાભ આરોગ્ય અને સુખોમાં ઉત્તમ સુખ સંતોષ છે.

પ્ર૦ જગતમાં શ્રેષ્ઠ ધર્મ કયો છે? કયો ધર્મ સદા ફળદાયી રહે છે? કોને વશ કરવાથી શોક કરવો પડતો નથી? અને કોની સાથે કરેલી મિત્રતા કદાપિ નષ્ટ થતી નથી?

ઉ૦ લોકમાં દયા શ્રેષ્ઠ ધર્મ છે. શાસ્ત્રોક્ત ધર્મ સદા ફળદાયી રહે છે. મનને વશમાં રાખવાથી શોક કરવો પડતો નથી અને સત્પુરુષો સાથેની મિત્રતા કદાપિ નાશ પામતી નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્ર૦ જ્ઞાન કોને કહે છે? શાને શમ કહ્યો છે? ઉત્તમ દયા કઇ કહેવાય છે? અને શાને આર્જવ (સરળતા) કહેલ છે?

ઉ૦ તત્ત્વોનો સારી રીતે બોધ એ જ્ઞાન છે, ચિત્તની સંપૂર્ણ શાંતિ એ શમ છે. ભૂતમાત્રના સુખની ઈચ્છા એને પરમ દયા કહી છે, અને ચિત્તની સમતા એ આર્જવ છે.

પ્ર૦ માણસનો દુર્જય શત્રુ કોણ છે? જેનો અંત ન આવે તેવો વ્યાધિ કયો છે? કોને સાધુ કહ્યો છે? અને કોને અસાધુ કહેવામાં આવે છે?

ઉ૦ મનુષ્યનો દુર્જય શત્રુ ક્રોધ છે. જેનો અંત ન આવે તેવો વ્યાધિ લોભ છે, પ્રાણીમાત્રના હિતમાં રહેનારને સાધુ કહ્યો છે અને નિર્દય પુરુષ અસાધુ કહેવાય છે.

પ્ર૦ શાને સ્થૈર્ય કહ્યું છે? કોને ધૈર્ય કહ્યું છે? ઉત્તમ સ્નાન કયું કહેવાય છે? અને કોને દાન કહેવામાં આવે છે?

ઉ૦ પોતાના ધર્મમાં સ્થિરતા એ સ્થૈર્ય છે. ઇંદ્રિયોનો નિગ્રહ એ ધૈર્ય છે, મનનાં મળોનો ત્યાગ તે ઉત્તમ સ્નાન છે, અને પ્રાણીમાત્રની રક્ષા કરવી એ દાન છે.

પ્ર૦ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે (પુરુષાર્થો) પરસ્પર વિરોધી છે. તો એ ત્રણે વિરોધીઓનો એક જ સ્થળે કેવી રીતે સંગમ થાય?

ઉ૦ જ્યારે ધર્મ અને પત્ની એ બંને અન્યોન્ય અનુકુળ રહીને વર્તે, ત્યારે ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનો એક જ સ્થળે સંગમ થાય છે?

પ્ર૦ કોણ આનંદથી રહે છે?

ઉ૦ જે માણસ દેવા વિનાનો હોય, જેને પ્રવાસે જવું પડતું ન હોય–પછી ભલે તે પાંચમા કે છઠ્ઠા દિવસે શાક વગેરે રાંધીને નિર્વાહ કરતો હોય, પણ તે માણસ આનંદપૂર્વક રહેનારો હોય છે.

પ્ર૦ આશ્ચર્ય જેવું શું છે?

ઉ૦ આ સંસારમાં રોજ રોજ પ્રાણીઓ યમલોકમાં જાય છે, છતાં બાકી રહેલાઓ કાયમ જીવતા રહેવા ઈચ્છે છે, આથી ચડિયાતું બીજું કયું આશ્ચર્ય હોય?

પ્ર૦ માર્ગ કયો છે?

ઉ૦ તર્કની પ્રતિષ્ઠા નથી એટલે કે તર્કથી કોઈ નિર્ણય થતો નથી. શ્રુતિઓ ભિન્ન ભિન્ન છે અને કોઈ એવો એક મુનિ નથી કે જેનો મત પ્રમાણભૂત ગણાય. ધર્મનું તત્ત્વ ગુહામાં રાખેલું છે. (અર્થાત્ નિગૂઢ છે) આથી જે માર્ગે મહાજનો જાય તે જ સામાન્યજનો માટેનો માર્ગ છે.

પ્ર૦ હકીકત શી છે?

ઉ૦ આ મોટી મોહભરી કઢાઈમાં, કાળ પોતે સૂર્યરૂપી અગ્નિથી ચેતાવેલાં રાત્રિ અને દિવસરૂપી ઈંધણા વડે માસ અને ઋતુરૂપી કડછીથી પ્રાણીઓને ઉપરતળે કરીને જે રાંધે છે, તે જ હકીકત છે.

પ્ર૦ કોણ હણે છે અને કોણ રક્ષે છે?

ઉ૦ પોતે હણેલો ધર્મ જ માણસને હણે છે અને તેણે પોતે રક્ષેલો ધર્મ જ તેને રક્ષે છે. માટે હણેલો ધર્મ પોતાનો ઘાત કરશે એમ વિચારીને મનુષ્યોએ ધર્મનો ત્યાગ કરવો નહીં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્ર૦ કોને પંડિત જાણવો ? કોણ નાસ્તિક કહેવાય છે ? મૂર્ખ કોણ છે ? કામ શું છે ? અને મત્સર કોને કહે છે ?


ઉ૦ ધર્મવેત્તાને પંડિત જાણવો. મૂર્ખ નાસ્તિક કહેવાય છે અને નાસ્તિક મૂર્ખ છે. (જન્મમરણ રૂપ) સંસારના કારણરૂપ વાસના એ કામ છે અને હૃદયનો તાપ મત્સર કહેવાય છે.

પ્ર૦ અહંકાર કોને કહ્યો છે ? શાને દંભ કહેવાય છે ? જે પરમ દૈવ કહેવાય છે તે શું છે ? અને શાને પિશુનતા ( ચાડી ચુગલી ) કહે છે ?

ઉ૦ અત્યંત અજ્ઞાનને અહંકાર કહ્યો છે, ધર્મિષ્ઠ તરીકે પ્રસિદ્ધિ મેળવવા કરેલા ધર્મને દંભ કહ્યો છે, દાનના ફળને પરમ દૈવ કહ્યું છે અને બીજાને દોષો આપવા તેને પિશુનતા કહે છે.

પ્ર૦ કયો પુરુષ સર્વસંપત્તિમાન છે ?

ઉ૦ જે પુરુષ પ્રિય અને અપ્રિય વિષે, સુખ અને દુઃખ વિષે, તેમજ ભૂત અને ભાવિને વિષે સમભાવી છે, તે પુરુષ સર્વસંપત્તિમાન છે.







For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# દેના બેંક
# સમૃદ્ધિ ડિપોઝિટ યોજના
## હેઠળ આપનાં નાણાં મહિને મહિને વધુ ઝડપથી વધતાં જ રહે છે.




**રૂ. ૧,૦૦૦ હમણાં રોકો અને ૬૧ મહિના બાદ રૂ. ૧,૬૫૯,**
**૧૨૦ મહિના બાદ રૂ. ૨,૭૦૭ અને ૨૪૦ મહિના બાદ રૂ. ૭,૩૨૮ મેળવો.**

આપની બચત પર વધુ નાણાં મેળવવાનો આ એક સરળ માર્ગ છે. **દેના બેંકની** સમૃદ્ધિ ડિપોઝિટ યોજના હેઠળ મૂળ રકમ ઉપર દર મહિને વ્યાજ જમા થતું જાય છે, અને આ વ્યાજ ઉપર પણ વ્યાજ મળતું રહે છે. આમ ચક્રવૃદ્ધિ વ્યાજને કારણે આપની મૂળ રકમ ઉપર, મુદતને આધારે આપને ૮.૩% થી ૩૧.૬૪% સુધી વાર્ષિક વ્યાજ છૂટે છે.

વધુ વિગતો માટે આપની નજીક આવેલી **દેના બેંક** શાખાની મુલાકાત લો.

**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઈંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસઃ હોર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/288


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્કૃષ્ટ પ્રેમ

લેખિકા : કલાવતી વોરા

આ પ્રેમ ગજબ છે. એમાં કેટલી પ્રબળ અને વિવિધ પ્રકારના ત્યાગની શક્તિ રહેલી છે. એ પ્રેમ કોઈ વિશિષ્ટ સંબંધમાં જ પ્રગટે છે એવું નથી. પતિ-પત્ની વચ્ચેના પોતાનું આત્મવિલોપન કરી નાખતા ઉત્કૃષ્ટ પ્રેમના અનેક દાખલાઓ જોવા મળ્યા છે. માતા-સંતાન વચ્ચેના પણ એવા ત્યાગમય પ્રેમની અનેક વાતો સાંભળી છે. મિત્રોના પ્રેમને પણ લેખકોએ અનેક વાર બિરદાવ્યો છે. ભાઈ-બહેન વચ્ચેના નિર્દોષ પ્રેમની યશગાથા કાવ્યમાં વાંચી છે; પણ એક નાની એવી શાળાએ જતી પંદર વર્ષની છોકરીના હૃદયમાં પોતાના નાના ભાઇ-બહેન માટે આટલો અખૂટ ત્યાગમય પ્રેમનો સાગર ભર્યો હશે એ તો ભાગ્યે જ કલ્પી શકાય.

સામાન્ય રીતે નાનાં હોય ત્યારે ભાઈ-બહેન દરેક નાની નાની ચીજો માટે ઝઘડતાં હોય છે. એ ઝઘડો નિર્દોષ હોવા છતાં એમાં રહેલી સ્વાર્થની આત્મસુખની ઇચ્છા તો એ દ્વારા પ્રગટ થાય જ છે, ત્યારે એ ઝઘડવાની આવી ઉંમરે આ પંદર વર્ષની છોકરી કેવી રીતે અને કયા હૃદયમાં આવો પ્રેમ સમાવી શકી હશે? આ સત્ય ઘટના વાંચું છું ને મન ગદ્ગદ્ થઇ જાય છે. પૃથ્વી પરના પરમમંગલ તત્ત્વ પ્રેમની ઝાંખી કરાવતો એ પ્રસંગ ખરેખર જાણવા જેવો છે.

યુરોપના અત્યંત ઠંડા પ્રદેશની એ વાત છે. જે દિવસે આ બનાવ બન્યો તે દિવસે માર્ચ મહિનાની એ સવારે તો દિવસ સરસ ઊગ્યો હતો. વાતાવરણ સારું પ્રકાશિત હતું. માઈનર નામનો ખેડૂત બાપ ખેતરે ગયો, બાળકો શાળાએ ગયાં, ખેડૂત પતિ-પત્નીને આશા હતી કે રાત સુધીમાં બરફ ઓગળી જશે. આનંદથી માઇનરે કામ કર્યું ને બપોરે ખાણું લીધા પછી માઈનર જ્યારે રસોડાની બારી બહાર જોઇ રહ્યા હતો ત્યારે વાયવ્ય દિશાની ક્ષિતિજમાંથી એક કાળા ધારદાર વાદળાએ ડોકિયું કર્યું. ધીરે ધીરે ચોરી-છૂપીથી લપાતું લપાતું એ નિઃશંક અને નિર્ભયપણે આકાશમાં વિચરી રહેલા સૂર્ય પર આક્રમણના હેતુથી તેની તીક્ષ્ણ ધાર ફેલાવતું આગળ ધસી રહ્યું.

ખેડૂત પતિ-પત્ની આ આકારવિહોણા, ચહેરાવિહોણા, રાક્ષસની આગેકૂચ જોઈ રહ્યાં. માઈનરને એ કૂચમાંથી કંઈક સંકેત સંભળાયો ને તેણે પત્નીને કહ્યું :

'તું ઢોરને અંદર લઈ લે ને હું શાળાએ જઈ બાળકોને લઈ આવું. મને આ વાદળાનો દેખાવ ઠીક લાગતો નથી.'

પોતાના માનીતા અને ઉત્તમ ઘોડા પર ખૂબ જાડા ગરમ કપડામાં સજ્જ થઈ અને બાળકો માટેના કોટ, ધાબળા વગેરે મૂકી તે ઊપડયો. શાળા ત્યાંથી અઢી માઈલ દૂર હતી. આટલી વારમાં તો એ વાદળાએ મોટું રાક્ષસી સ્વરૂપ લઈ લીધું હતું અને આ પ્રકૃતિ બિહામણી અને સ્થિર બની ગઇ હતી.

થોડી વારમાં તો બરફના એક મોટા ઢગલાએ ઘોડા પર અને ઘોડેસ્વાર પર આક્રમણ કર્યું, ને ઘોડેસ્વારને દિશા ન સૂઝે એવું ત્યાં ધુમ્મસ ફેલાઇ ગયું.

ગમે તેમ કરી માઈનર શાળાએ પહોંચ્યો. શાળામાં આવતા ઘણા ખરા બાળકોને પોતાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બરફમાં ચાલતી ગાડી કે ઘોડા હતા, પણ શાળાના કાયદા પ્રમાણે તેમને ઘેર એકલાં જવા દેવામાં આવતાં નહિ.

માઈનર શાળાએ પહોંચ્યો અને તેનાં ત્રણ બાળકો, પંદર વર્ષની હેઝલ, ૧૧ વર્ષનો એમેટ ને આઠ વર્ષની મેરીડીથને બોલાવી તેમના કોટ પહેરી લેવા કહ્યું, અને પોતે સાથે લાવેલો તે ફર કોટ વગેરે પણ પહેરાવ્યાં. હેઝલે પોતાનાં નાનાં ભાઈ–બહેનને બુટ વગેરે બરાબર પહેરાવી દીધાં. તેમનાં પુસ્તકો વગેરે જોઇ લીધાં. માઇનરને થયું હેઝલ માની શકાય એથી વધુ આધાર રાખી શકાય એવી છોકરી છે.

તેણે તેમની ઘેર બનાવેલી કેન્વાસથી ઢાંકેલી બરફ ગાડી (સ્લેજ)માં ઘાસની બિછાત પર બંને નાનાં બાળકોને બેસાડયાં. ને કામળા તથા કોટ ઓઢાડયાં. હેઝલ હાંકવાની જગ્યા પર બેઠી ને માઇનરે ગાડી સાથે ઘોડો જોડયો. પછી કહ્યું, 'અહીં ઊભી રહેજે, હું મારા ઘોડાને લઈ આવું, પછી હું આગળ થઈશ, તમે પાછળ રહેજો.'

એ ઘોડો લેવા ગયો ત્યારે ઘોડાનું મોઢું ઉત્તર દિશા તરફ હતું. એ જ ઘરનો રસ્તો હતો, પણ દરક્ષણે પવન જોશીલો–વેરીલો થઈ વાઈ રહ્યો હતો, અને બરફનું આક્રમણ વધતું જતું હતું અને ધુમ્મસને ઘેરું બનાવતું જતું હતું. અચાનક એક મોટી ગર્જના થઈ મોટો બરફનો જાણે પહાડ તૂટી પડયો, વાતાવરણના ઘેરા ધુમ્મસમાં કશું યે નજરે પડયું નહિ ને ઘોડો ભડકીને દોડવા લાગ્યો. હેઝલના હાથમાંથી લગામ છટકી ગઈ, તે સમજી પણ ન શકી ઘોડો કઇ દિશાએ જઈ રહ્યો છે. તેણે માન્યું કે ઘોડાને ઘરની દિશા ખબર છે એટલે બરાબર જ જતો હશે, પણ ઘોડો ઉત્તરને બદલે દક્ષિણ દિશામાં જઈ રહ્યો હતો. હેઝલના હાથમાં અંકુશ રહ્યો નહી, ઘોડાનો પોતાનો અંકુશ પણ ઘોડા પર રહ્યો નહોતો, જોરથી શ્વાસ લેતો ભડકમાં તે દોડી રહ્યો હતો.

બીજા બંને બાળકો આશ્ચર્યથી ને ગભરાટથી જોઇ રહ્યાં હતાં. તેને આશ્વાસન આપતી આપતી હેઝલ બોલી, 'ગભરાશો નહિ, આપણે બાપુજીને હરાવીને પહેલાં ઘેર પહોંચી જઇશું.'

ઘોડાને કોઈ રીતે હેઝલ રોકી શકી નહિ, તેના હાથમાંની લગામ તો કયારની છટકીને કયાંય દૂર દૂર ઊડીને દબાઇ ગઇ હતી. આખરે ઘોડો હાંફતો અટકયો ને તેની ગતિ કંઈક ધીમી પડી.

બંને બાળકો હર્ષથી બૂમ પાડી ઊઠયાં, 'આપણે બાપુજીને હરાવ્યા, મોટી બહેન, આપણું ઘર આવ્યું ?'

હેઝલ નીચે બરફમાં ઊતરી. તેને કંઇ સમજ ન પડી કે તેઓ કયાં છે! રસ્તા પર છે કે ખેતરોમાં? ધુમ્મસ એવું ગાઢું પથરાયું હતું. જાણે તેમને બધાને ગળી જવા ન માગતું હોય. ગૂંગળાતી તે ફરી ગાડીમાં હાંકવાની જગ્યાએ બેઠી ને બોલી : 'ના, હજુ ઘર નથી આવ્યું, પણ આપણે હવે નજીક જ છીએ. ઘોડો હવે શાંત થયો છે, તેને રસ્તો ખબર છે.'

આગળ ચાલતાં ઘોડો પાણીમાં પડ્યો, એ એક ઝરણું હતું. પાણી પર બરફ જામી ગયો હતો. હેઝલ નીચે ઉતરી, ઘોડાને કાઢયો, તેનાં કમ્મર સુધીનાં કપડાં ભીંજાઇ ગયાં. આગળ ચાલતાં તેમને એક વાડ દેખાઇ, તેમણે ત્યાં જવા પ્રયત્ન કર્યો, પણ એક રાક્ષસી પવનના મોજાંએ ને બરફના વરસાદના ઝપાટાએ એ વાડ અદ્રશ્ય કરી નાખી. અગિયાર વર્ષના એમેટે પણ હેઝલ સાથે નીચે ઉતરી ઘોડાને વાડ તરફ ખેંચવા ખૂબ પ્રયત્ન કર્યો. પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમનાથી ૨૦૦ ફૂટ દૂરની વાડ તેમને માટે દૂર–સુદૂર બની ગઈ. ફરી ઠંડીમાં ગૂંગળાતાં તેઓ ગાડીમાં ચઢયાં.

ગાડી આગળ ચાલતી રહી. અચાનક ગાડી કોઈ ન દેખાતી વસ્તુ સાથે અથડાઇને ઊંધી થઈ ગઇ. ને બાળકો કેન્વાસના ઢાંકણા પર ઉંધાં પડી ગયાં. હેઝલ ને એમેટે બહાર નીકળી તેને સીધી કરવા બહુ જ પ્રયત્ન કર્યો પણ તે બરફ સાથે ચીટકીને એટલી ભારે થઇ ગઇ હતી કે તેઓ કશું કરી શકયાં નહિ.

હવે હેઝલને લાગ્યું કે તે મોટી છે, તેણે વિચાર કરવો પડશે. તેણે તેના ભાઈ-બહેનને કહ્યું, 'આપણે એક ગુફામાં છીએ, આપણે એને સરસ હુંફાળી બનાવીશું.' નીચેનું લાકડાનું તળિયું ને કેન્વાસના ઢાંકણાથી એક ટનલ જેવો તંબુ થયો હતો. પણ બંને ઉઘાડી બાજુમાંથી સખત પવન તેમને અકળાવી રહ્યો હતો. હેઝલે બે કામળા કેન્વાસ પર પાથરી એમેટ અને મેરેડીયને તે પર એક બીજાને વળગીને સુવાડ્યાં. ને ફરતો કામળો એક બાજુ પડદાની જેમ ગોઠવી રહી, પણ પવન તેને વારંવાર ફેંકી દેવા લાગ્યો અને કેન્વાસ પર પ્રહાર કરી તેને પણ ચીરી રહ્યો. આખરે હેઝલે કામળો બે બાળકો પર ઢાંકી દીધો.

આખરે હેઝલને કંઈ ન સૂઝતાં તેમના ઉપર સૂઇ ગઈ. તે ત્રણેના મગજ અને શરીર જાણે જડ બની જવા લાગ્યાં હેઝલે પ્રયત્ન કરી પોતાને જાગૃત કરી એમેટને જોરથી કહ્યું: 'જુઓ, તમારે સૂઇ જવાનું નથી. તમે એક–બીજાને ચીમટા ભરીને જાગતા રાખો ને હાથપગ દોડતા હોઇએ તે રીતે ઊછાળ્યા કરો હું સો સુધી બોલું છું ત્યાં સુધી એમ કર્યા કરો. તેણે પણ એ રીતે પગનું હલનચલન શરૂ કર્યું. તેના મગજને તેના પગ અનુસર્યા પણ હેઝલને ભાન નહોતું કે તેઓ શું કરી રહ્યાં છે, તે જાણતી હતી કે તેના શરીર નીચે નાનાં નાનાં પગ કુદી રહ્યા છે.

છોકરાંઓ થાકી ગયાં. 'હવે બસ કર, મોટી બહેન, અમે થાકી ગયાં છીએ.'

ના, હજુ તો સીત્તેર સુધી જ ગણ્યું છે. અટકવાનું નથી.' કડક થઈ હેઝલે કહ્યું. તે જાણતી હતી કે હલનચલન વગર સ્નાયુઓની ને તેમની શી દશા થશે. પછી હેઝલે તેમને તેમની આંગળીઓ સો વાર ઉઘાડ બંધ કરવા હુકમ છોડયો.

એમેટે કામળામાંથી મોઢું બહાર કાઢી હેઝલને અંદર આવવા કહ્યું. તે જાણતી હતી કે તેના બરફથી છવાઇ ગયેલાં કપડાં બીજાને ગરમી નહિ આપી શકે. તેણે કહ્યું. 'ના, મારે આ રગ પકડી રાખવાનું છે ને મને ઠંડી નથી વાતી, પણ ચાલો આપણે ગાઇએ.'

'ચાલો આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ આપણને મદદ કરવા માટે.' મેરીડીથ બોલી.

ગંભીરપણે તેમણે પ્રાર્થના કરી. આમ જુદી જુદી રીતે, કસરત કરાવી, ગીતો ગવરાવી, વાર્તા કરી, તેણે તમને જાગતાં રાખ્યા. આખરે હેઝલને પોતે નહિ ટકી શકે એમ લાગતાં તેણે એમેટ અને મેરીડીથને કહ્યું: "મને વચન આપો, તમે ઊંઘી જશો નહિ." હું સૂઈ જાઉં તોય તમે એક બીજાને ગમે તે રીતે જાગતા રાખશો" એ જાણતી હતી કે આમાં જો ઊંઘી જવાય તો તેમાંથી કદી જાગી શકાય નહિ. તેઓએ વચન આપ્યું.

જ્યારે વીલીયમ માઇનરે જોયું કે નિશાળ આગળથી જ બાળકો અદ્રશ્ય થઇ ગયાં છે, ત્યારે તેણે માન્યું કે ઘોડાને રસ્તો ખબર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાથી ઘર તરફ જ આગળ વધ્યાં હશે આખે રસ્તે તેણે પોતાના ઘોડાને ખૂબ દોડાવ્યો. ઘેર પહોંચતાં તેણે જ્યારે બાળકોને ન જોયાં ત્યારે તેણે તરત પોલીસખાતામાં ખબર આપી. ચાલીસ માણસોની ટુકડી જીવના જોખમે તપાસ કરવા નીકળી. તેમણે જુદા જુદા જુથ બનાવી જુદી જુદી જગ્યા તરફ તપાસ શરૂ કરી. પવન ૬૦ માઈલની ઝડપે દોડી રહ્યો હતો. તેઓએ ખૂબ તપાસ કરી, બધાં છોકરાં પહોંચી ગયાં હતાં. તપાસ કરતાં રાત પડી, ગાઢ અંધારું ને પવન, બરફની વર્ષા ને ઠંડીમાં તેઓ આગળ વધી રહ્યા. કશું દેખાતું ન હતું. એટલે હારી થાકીને તેઓએ સવાર પર તપાસ પડતી મૂકી.

બીજી સવારે એક જુથને ગાડીના ચીલા દેખાયા. પણ પાછા વચ્ચે બરફના પડની નીચે બધું ઢંકાઈ ગયું હતું. ફરી ફરી આગળને પાછળ જતાં જતાં બપોરે બે વાગે બરાબર ચોવીસ કલાક પછી તેમને નિશાળથી બે માઈલ દૂર દક્ષિણ દિશામાં કંઈ દેખાયું. તે ગાડી હતી. બાજુમાં જડ જેવો નિશ્ચેતન ઘોડો ઊભો હતો. પણ હજુ જીવતો હતો. ઊંધી પડી ગયેલી બરફથી ઢંકાયેલી ગાડીમાં તેઓએ એક છોકરીનું જડ થઈ ગયેલું ઊંધે મોઢે સૂતેલું શરીર જોયું. તેના કોટના બટન ખુલ્લાં હતા ને બે છેડા બે બાજુ પહોળા પથરાયેલા હતા. તેના બંને હાથ તેના બે ભાઈ–બહેન ઉપર જીવનની જેમ મૃત્યુમાં પણ તેમને રક્ષતા અને ભેટતા વીંટળાયેલા હતા. હલકા હાથે માણસોએ તેને ઊંચી કરી. અને જે કેન્વાસના કપડાંને તે પકડીને તેનાં ભાઈ–બહેનને ઢાંકી રહી હતી તેને ફાડીને દૂર કર્યું. નીચે બે બાળકો થોડાં થીજી ગયેલાં છતાં જીવતાં સૂતાં હતાં. તેઓએ ન સુવાનું વચન આપ્યું હતું. હેઝલે પોતાનું બલિદાન આપી તેમને બચાવી લીધાં હતાં.

કેવો ત્યાગ! કેવી નિષ્ઠા! કેવો જબરજસ્ત પ્રેમ ને તેની કેવી શક્તિ! વાંચતા ડઘાઈ જઈએ ને ગદ્ગદ્ થઈ જઈએ એમાં શું નવાઈ?

આજે પણ હેઝલની ખાંભી પર એ શબ્દો કોતરાયેલા છે કે "મરનારને અંજલિ જીવનારને માટે સ્મરણીય ને ભાવિ પ્રજાને પ્રેરણારૂપ જીવન."

ને ખરખર આ જીવન માત્ર પંદર વર્ષની નાની કુમળી બાળાનું કેટલું પ્રેરણાદાયી છે? ને આ સત્ય ઘટના છે તેથી વિશેષ.

## 'હરડે' કે 'હ' રડે

એકવાર કપર્દી મંત્રીને આચાર્ય હેમચન્દ્ર સામે મળ્યા, એટલે તેમને પ્રણામ કરવા બે હાથ જોડ્યા, પણ હાથમાં હરડે હતી એટલે એક હાથની મુઠી બંધ રહી તે જોઈ આચાર્યશ્રીએ પૂછ્યું: "મંત્રી, તમારા હાથમાં શું છે?" મંત્રીએ જવાબ આપ્યો 'હરડે'.

આચાર્યે પૂછ્યું "શું 'હ' રડે છે?" ('હ' નામનો અક્ષર રડે છે?).

મંત્રીએ જવાબ આપ્યો: "હાજી, મૂળાક્ષરોમાં છેલ્લું સ્થાન મળવાથી હ રડતો હતો પણ હવે એક મહાન આચાર્યના નામાક્ષરોમાં પહેલું સ્થાન મળવાથી હ રડતો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રંથ પરિચય

**'મંગલા ચરણ'** : પ્રવચનકાર અને લેખક ગણીવર્ય **શ્રી** ભુવનવિજયજી મહારાજ સાહેબ, પ્રકાશક શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, ઇતવારી, નાગપુર–૨, પ્રથમ આવૃત્તિ નકલ ૪૨૫૦, પાન ૩૦+૩૪૦=૩૭૦, મૂલ્ય રૂા. ૫–૦૦, આર્ટ જેકેટ, પ્રાપ્તિસ્થાન : જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, ગુલાબસાન ગલ્લી, ભાજીમંડી, ઈતવારી, નાગપુર નં. ૨ તેમજ મેઘરાજ પુસ્તક ભંડાર, ગુલાલવાડી, મુંબઈ નં. ૩.

સુપ્રસિદ્ધ અને પ્રખરવક્તા પૂ. ગણીવર્ય **શ્રી** ભુવનવિજયજી મહારાજ સાહેબે માર્ગાનુસારીનું સ્વરૂપ અને પાંત્રીસ ગુણો પર તત્ત્વલક્ષી જે વ્યાખ્યાનો આપેલાં છે, તેના સંગ્રહરૂપે આ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે. તેમાં મધુર, સાદી અને સચોટ ભાષામાં બાળકો, યુવાનો, પ્રૌઢો અને વૃદ્ધજનોને પણ જીવન જીવવાનો સાચો માર્ગ બતાવવામાં આવ્યો છે. પ્રસ્તુત ગ્રંથ મહારાજશ્રીની સરસ, સચોટ તથા સિદ્ધહસ્ત શૈલીનું એક અનોખા ઉદાહરણરૂપ છે. જૈન ધર્મ, મનુષ્યદેહ કરતાં મનુષ્યત્વ ઉપર જ વધુ ભાર મૂકે છે. માનવતા–મનુષ્યત્વ પ્રાપ્ત કરવા માટેની પ્રાથમિક ભૂમિકા મહારાજશ્રીએ આ ગ્રંથમાં બહુ સ્પષ્ટ રીતે સમજાવેલ છે. વાચકો સહેલાઇથી સમજી શકે અને તદુપરાંત તે મુજબ આચરણ કરવા પ્રેરણા પણ મળે, એવા સમયોચિત દૃષ્ટાંતો પણ આ ગ્રંથમાં ઠેર ઠેર જોવા મળે છે. સમજપૂર્વક આ બધા વ્યાખ્યાનો વાંચવામાં આવે તો માણસના જીવનમાં અનેરું પરિવર્તન થયા વિના ન રહે.

બાળજીવો માટે તો આ ગ્રંથ અમૃતની ગરજ સારે એવો બન્યો છે, તેથી અમને લાગે છે કે આપણી પાઠશાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને સૂત્રો કંઠસ્થ કરાવવાની સાથેસાથ આ વ્યાખ્યાનોની સમજુતી પણ આપવામાં આવે, તો નાની ઉંમરે જ તેઓ ન્યાય–નીતિ અને સદાચારની ભૂમિકા પર આવી જશે. બાલ્યાવસ્થામાં પ્રાપ્ત થતાં જ્ઞાન અને સંસ્કાર મોટી ઉંમર થતાં વટવૃક્ષની માફક વિકસે છે અને તેથી આપણી પાઠશાળાઓનાં કાર્યકરોને પણ 'મંગલાચરણ'નો ગ્રંથ અભ્યાસક્રમમાં દાખલ કરવા અમે ખાસ ભલામણ કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## સન્માન સમારંભ

સેવાધર્મને જેમણે પોતાના જીવનમાં ઓતપ્રોત કર્યો છે એવા સચ્ચરિત અને ધર્મપરાયણ મુંબઈના જૈન સમાજના આગેવાન કાર્યકર શ્રી શાંતિલાલ મગનલાલ શાહ તેમજ પાયાના પથ્થરરૂપ બની રહેલા શાંત અને સૌમ્યમૂર્તિ શ્રી જેસિંગભાઈ સુંદરજી શાહનો સન્માન સમારંભ શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ–મુબઇ તરફથી રવિવાર તા. ૪–૪–૧૯૭૬ના કચ્છી વીશા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન વાડી મુંબઈમાં સૌજન્યમૂર્તિ શ્રી દામોદરદાસ કરસનદાસ શાહના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી દલીચંદ લક્ષ્મીચંદ કોઠારી તથા શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા. આ પ્રસંગે પ્રમુખશ્રીના વરદ્ હસ્તે બંને સન્માનનીય મહાનુભાવોને કાસ્કેટ, સન્માન પત્ર, શાલ અને ભગવાન મહાવીરના ચાંદીના સિક્કા અર્પણ કરવામાં આવેલ.

## ભારત જૈન મહામંડળનું અધિવેશન

ભારત જૈન મહામંડળનું ૪૨મું અધિવેશન હૈદ્રાબાદમાં ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં શ્રી પ્રતાપસિંહજી બૈદ (સીલીગુડી)ની અધ્યક્ષતામાં પરિપૂર્ણ થયું. આ અધિવેશનમાં દેશના જુદા જુદા ભાગમાંથી ત્રણસો પ્રતિનિધિઓ પધાર્યા હતા. આ પ્રસંગે જૈન સમાજના મૂક કાર્યકર અને સંસ્થાને અનેક વરસોથી પોતાની સેવા આપતા રહ્યાં છે એવા શ્રી દીપચંદ મગનલાલ શાહને 'સમાજ બંધુ'નું બિરુદ અર્પણ કરવામાં આવ્યું હતું તેમજ તેમની વરણી સંસ્થાના પ્રબંધમંત્રી તરીકે કરવામાં આવી હતી.

## ભક્તામર રહસ્ય

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ રચિત 'ભક્તામર રહસ્ય' નામના અતિ ઉપયોગી ગ્રંથની બીજી આવૃત્તિનો પ્રકાશન સમારંભ તા ૪–૪–૭૬ રવિવારે સવારે બિરલા માતુશ્રી સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. આ સમારંભના પ્રમુખપદે શ્રીમાન શેઠશ્રી નારાણજી શામજી મોમાયા હતા તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રીમાન શેઠશ્રી દામોદરદાસ કરસનદાસ પધાર્યા હતા. પ્રસંગને અનુલક્ષી ભક્તામર સ્તોત્રનું માહાત્મ્ય વર્ણવતાં પં. શ્રી ધીરજલાલભાઈ રચિત 'બંધન તૂટ્યા'નું નાટક પણ આ પ્રસંગે ભજવવામાં આવ્યું હતું. અનેક મહાનુભાવોને ટિકીટ ન મળી શકવાને કારણે આ અત્યંત આવકારપાત્ર બનેલા નાટકના બીજા બે વધુ પ્રયોગો પાટકર હોલમાં પણ યોજવામાં આવ્યા હતા, લોકોની ઇચ્છા સંતોષવા આ નાટકના વિશેષ પ્રયોગો પણ મુંબઈમાં યોજવામાં આવનાર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શતાવધાની પૂજ્ય આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજીની ષષ્ઠીપૂર્તિનો ભવ્ય સમારંભ

ઉપરોક્ત મંગલ પ્રસંગ શ્રી નમિનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટીઓ તથા ષષ્ઠીપૂર્તિ સમારોહ સમિતિ દ્વારા તા. ૨૯-૪-૭૬ ગુરુવારે સવારના શ્રી નમિનાથજી જૈન ઉપાશ્રય, પાયધુનીમાં ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે મુંબઈ સરકારના માનનીય શ્રી રામનાથ પાંડે (મિનીસ્ટર ફોર લેબર, ટુરીઝમ, ટ્રાન્સપોર્ટ અને જેલ) તેમજ શ્રી દોલતરામ વળીયા પધાર્યા હતા. ઉપાશ્રયના ચિક્કાર વ્યાખ્યાન હોલમાં આ પ્રસગે મહારાજશ્રીના લખેલા ત્રણ પુસ્તકોનું ઉદ્‌ઘાટન મુંબઈના ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ શ્રી એમ. એમ. ધ્રુવના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ. સભાનું સચાલન કાર્ય જૈન ધાર્મિક શિક્ષણ સંઘના જાણીતા કાર્યકર શ્રી ચીમનલાલ પાલીતાણાકરે બાહોશીપૂર્વક કર્યું હતું.

✡

# જૈનોના ચારે પંથનું એક દેરાસર દીલ્હીમાં શીલારોપણ વિધી

જૈનોના ચારે પંથ માટે એક દેરાસર ટુંક સમયમાં જ દીલ્હીમાં તૈયાર થશે. વિશ્વમાં આ પ્રકારનું પહેલું જ દેરાસર છે જૈનોના ચારે પંથ દિગમ્બર-શ્વેતાંબર-સ્થાનકવાસી અને તેરાપંથી માટે હાલ અલગ અલગ દેરાસર હોય છે. આ દેરાસર માટેની શીલારોપણ વિધિ આજે અહીં દક્ષિણ દીલ્હીમાં પંડીત બાહુબલી અને પંડીત સમરચંદે કરી હતી. આ પ્રસંગે બોલતાં આચાર્ય તુલશીના શીષ્યા જૈન સાધ્વી સોનાજીએ કહ્યું હતું કે જૈનોના બધા જ પંથો માટેના એક સમાન સ્થળનું મારા આચાર્યનું સ્વપ્ન આજે આ અખાત્રીજના પવિત્ર દિવસે થયેલી શીલારોપણ વિધિ સાથે ફળીભૂત થયેલ છે

✡

# તગડી પાસે કાળધર્મ પામેલા જૈન ધર્મગુરૂનું સ્મારક રચવા નિર્ણય

જૈન જગતના અજોડ જ્યોતિષાચાર્ય અને અજોડ ધર્માચાર્ય શ્રી વિજયનંદનસુરીશ્વરજી મહારાજ તગડી ગામમાં કાળધર્મ પામ્યા છે તે સ્થળે તેમનું સ્મારક રચવા (ગુરૂ મંદીર) વિગેરે કરવા નિર્ણય લેવાયો છે. ઉપરાંત વિજયનંદનસુરી સ્મારક ગ્રંથ બહાર પાડવા પણ નિર્ણય લીધેલ છે. સ્મારક ગ્રંથની સેવા જાણીતા જૈન ચિંતક અને લેખક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને સોંપાઈ છે.

✡

# જૈનાચાર્યની ઉગ્ર તપશ્ચર્યા

શાશનસમ્રાટ સ્વ. નેમિસૂરીશ્વરજી મહારાજના પરીવારના આચાર્ય કુમુદચદ્રસૂરીશ્વરજી મહારાજને પાંત્રીસ વર્ષથી એકાસણા વ્રત છે આ વર્ષો દરમીયાન તેમણે બે વખત અડસઠ દિવસના પાણી સિવાય કાંઈ જ ન લેવાય તેવા આકરા ઉપવાસ કરેલ છે તેર સિદ્ધિતપ અને શ્રેણીતપ કર્યા છે પીસ્તાલીશ દિવસના એકધારા ઉપવાસની આરાધના કરેલ છે. ૧૪૨મી વર્ધમાન તપની કઠીન ઓળી પૂર્ણ કરી છે, ૧૪૩મી ઓળીનું તપ ચાલે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અગાસી તીર્થમાં શ્રી ફુલચંદ લીલાધર વોરા ધર્મશાળામાં

# "રૂપાળી બા" હોલનું ભવ્ય ઉદ્‌ઘાટન

ચૈત્ર વદી ૨ ને શુક્રવાર તા. ૧૬-૪-૭૬ના સવારના ૧૦ાા વાગે અગાશી તીર્થની ઉપરોક્ત ધર્મશાળામાં એક ભવ્ય હોલ સાથે આ તીર્થસ્થાનના માજી મેનેજીંગ ટ્રસ્ટી અને હાલ ટ્રસ્ટી શ્રી હીરાલાલ જુઠાલાલ શાહના (સ્વ.) માતુશ્રી 'રૂપાળી બા'નું નામ જોડી તેનું ઉદ્‌ઘાટન કરવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. જૈન આત્માનંદ સભાના પેટ્રન શ્રી સુંદરલાલ ઉત્તમચંદ શાહના વરદ્ હસ્તે આ ઉદ્‌ઘાટન ક્રિયા કરવામાં આવી હતી. આ પ્રસંગે સભાના પેટ્રન શ્રી ફુલચંદ લીલાધર પ્રમુખપદે હતા. નાદુરસ્ત તબિયત છતાં શ્રી હીરાલાલભાઈ પ્રત્યેની મમતાના કારણે તેઓશ્રી મુંબઈથી પધાર્યા હતાં. સંસ્થાના એક ટ્રસ્ટી શ્રી હરખચંદ વીરચંદ ગાંધીએ આજના સમારંભનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે આ ધર્મશાળા કે જે શ્રી હીરાલાલભાઈના પરમ પુરુષાર્થ અને ઉત્સાહના ફળ સમાન છે, તેમાં શ્રી હીરાલાલભાઈએ રૂા. ૧૫,૧૧૧) આપી તેમના સ્વ. માતુશ્રી રૂપાળી બાનું નામ જોડયું છે. આ માટે સંસ્થાના ટ્રસ્ટીઓ વતી શ્રી હીરાલાલભાઈને ધન્યવાદ આપી તેમનો આભાર માન્યો હતો.

શ્રી હીરાલાલભાઈએ તે પછી આ ધર્મશાળાનો ટૂંકો ઇતિહાસ આપતાં કહ્યું હતું કે આ ધર્મશાળાનું કામ શરૂ કરવામાં મેં એક મોટું સાહસ જ ઉપાડયું હતું, કારણ કે એ વખતે ધર્મશાળા માટેનું તો ફંડ હતું જ નહિ. શાસનદેવની કૃપાથી બધું કાર્ય સાંગોપાંગ પાર ઉતરી ગયું છે અને તેનો યશ મહદ્ અંશે આ ધર્મશાળા માટે મેં માગ્યા મુજબ રૂા. ૬૦,૦૦૦નું ઉદાર દાન આપનાર આજના સમારંભના પ્રમુખ શ્રી ફુલચંદભાઈના ફાળે જાય છે.

શ્રી મનસુખલાલ મહેતાએ આ ધર્મશાળા ઉભી કરવામાં જેણે અનેરો ભોગ આપ્યો છે, તે હીરાલાલભાઈની પ્રશંસા કરતાં કહ્યું કે શ્રી હીરાલાલભાઈએ આ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે ઉત્તમ સેવા આપી છે અને આજે અગાશીને એક ભવ્ય તીર્થસ્થાનમાં ફેરવી નાખ્યું છે. તેઓએ આ તીર્થના વિકાસમાં તન-મન-ધન પૂર્વક ભોગ આપ્યો છે. તેમના કુશળ વહીવટ અંગે તો ભારતના આપણા તમામ તીર્થસ્થાનોનાં વહીવટકર્તાઓએ શીખવા જેવું છે. સેવાભાવી અને અનોખી કાર્યશક્તિ ધરાવનાર શ્રી હીરાલાલભાઈ માટે જેટલું કહેવાય તેટલું ઓછું છે. દેરાસર સામેની ધર્મશાળાનો પણ જીર્ણોદ્ધાર તેમણે જ કર્યો છે. તે ધર્મશાળામાં પણ તેમણે એક ઓરડાના ત્રણ હજાર રૂપિયા નકરા રૂપે આપેલાં છે અને આજે આ અદ્યતન ધર્મશાળામાં તેમની માતાના સ્મરણાર્થે આ હોલ અંગે રૂા. ૧૫૧૧૧)ની રકમનું દાન કર્યું છે, 'જે માતૃદેવો ભવ' ઉક્તિનું સ્મરણ કરાવે છે.

પ્રમુખસ્થાનેથી શ્રી ફુલચંદભાઈએ શ્રી હીરાલાલભાઈની કાર્યશક્તિ અને વહીવટી કુનેહની પ્રશંસા કરતાં કહ્યું કે આ ધર્મશાળા માટે મારી ઈચ્છા તો માત્ર એકાદ બે રૂમનો નકરો આપી ધર્મશાળાને સહાય કરવાની હતી પણ અત્રે આવ્યા પછી હીરાલાલભાઈની વ્યવસ્થા શક્તિ જોઈ હું સ્તબ્ધ બની ગયો. મને લાગ્યું કે આવા તીર્થસ્થાનમાં દાન કરવું એ સુકૃત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાન છે. પછી તો શ્રી હીરાલાલભાઈએ પોતે જે રકમનો આંકડો સૂચવ્યો તે જ રકમ મેં વગર આનાકાનીએ આપી દીધી. તેમની કાર્યશક્તિથી હું ભારે પ્રભાવિત થયો છું.

આ પ્રસંગે શ્રી અગાશી તીર્થના ટ્રસ્ટી શ્રી ચંપકલાલ પ્રેમચંદજી સીરોયા તથા શ્રી પ્રેમજીભાઈએ હીરાભાઈની આ તીર્થને મળેલી અજોડ સેવાઓને બીરદાવી સમયોચિત વક્તવ્ય કર્યું હતું અને છેલ્લે શ્રી હીરાલાલભાઈએ તેમના ટ્રસ્ટ બોર્ડના સભ્યો તરફથી તીર્થના નાનાં મોટા દરેક કાર્યોમાં જે અપૂર્વ સહકાર આપવામાં આવ્યો હતો તેને અંગે જ અમે સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા છીએ એ વાત કરી કહ્યું કે આ અપૂર્વ સિદ્ધિમાં હું તો નિમિત્તમાત્ર બન્યો છું અને તેનો સાચો યશ તો ટ્રસ્ટ બોર્ડના ટ્રસ્ટીઓને ઘટે છે. હવે ભાવનગરમાં મારે રહેવાનું થવા છતાં આ તીર્થ પ્રત્યે મને અનેરો ભાવ છે તેથી જ હજુ પણ ટ્રસ્ટબોર્ડના એક ટ્રસ્ટી તરીકે મારી સેવા આપતો રહું છું. મારી પ્રત્યેના પ્રેમ અને લાગણીના કારણે આ પ્રસંગે આપ સૌ મુંબઈ જેટલા દૂરથી અહીં પધારી આ સમારંભને શોભાવ્યો છે, તે માટે હું આપ સૌનો ફરી આભાર માનુ છું.


**WHY SUFFER PAIN?**

## દુ:ખાવાથી પથારીવશ શા માટે ?

સંધિવા ( આર્થરાઈટીસ ), સાઇટીકા ( રાંઝણુવા ), ખભાનો દુઃખાવો, ખભો અક્કડ થઇ જવો ( ફ્રોઝન શોલ્ડર ), ખભાથી હાથની આંગળી સુધીનો નસનો દુઃખાવો ( ન્યુરાઇટીસ ), કમરનો દુઃખાવો, તેમજ કરોડરજ્જુના મણકાની ફરિયાદો, ડોકનું અક્કડપણું ( સ્ટીફનેક ), ઢીંચણનો દુઃખાવો તેમજ શરીરનો કોઇ પણ ભાગ કામ કરતો રહી ગયો હોય તો દવા ખાધા વગર તદ્દન સરળતાથી વર્ષોના અનુભવી આપને ઘેર આવી સારવાર આપશે. રૂબરૂ સંપર્ક સાધો. રૂબરૂ મળવાથી ઉત્તમ સલાહ.

**ભાનુભાઈ વૈદ્ય (નેચરોપાથ)**

ઘરનું ઠેકાણું :
મોચી બિલ્ડીંગ, ૧ લે માળે,
પોલીસ ચોકીની બાજુમાં,
નેતાજી સુભાષ રોડ,
મુલુન્ડ (વેસ્ટ) મુંબઈ ૮૦
**સમય : સવારે ૮ થી ૧૦**

ફોન C/o ૩૨૫૫૮૭
C/o ભગવતી પ્રિં. પ્રેસ
૧૧૮, મસ્જીદ બંદર રોડ
સેન્ટ્રલ બેંક સામે,
મુંબઈ–૩
**સમય : બપોરે ૧ થી ૨.૩૦**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાભાર સ્વીકાર

૮ શ્રી સિદ્ધિર્ગણિવિરચિતા :
ઉપમિતિભવ પ્રપંચા કથા (પ્રથમ ભાગ)
સંપાદક : મુનિ ચંદ્રશેખરવિજય
પ્રકાશક : કમલ પ્રકાન C/o. એટલાસ એજન્સી
૫૦૮૨/૨ ગાંધી રોડ, રતનપોળનાકા અમદાવાદ
મૂલ્ય રૂા. ૧૫-૦૦ પાકું હોલ કલોથ બાઇન્ડીંગ
ભાષા : સંસ્કૃત પ્રકાશકીય નિવેદન તથા પ્રાસ્તવિક ગુજરાતી ભાષા

૯ સ્વ. પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી સ્મૃતિ ગ્રંથ ભાગ ૧લો
લેખક : પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી ગણિવર
પ્રકાશક : પૂ. આ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરીશ્વરજી જ્ઞાન મંદિર અને પૌષધશાળા
મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર) મૂલ્ય ૧૫-૦૦

૧૦ આગમ જ્યોત
પ્રકાશક : આગમોદ્ધારક ગ્રંથમાળા
કપડવંજ (જી. ખેડા)

૧૧ માનવ બનો
લેખક : શ્રી પાનાચંદ મોહનલાલ શાહ
પ્રાપ્તિસ્થાન : હિંસા વિરોધક સંઘ
ઠે. અહિંસાભુવન નગરશેઠનો વંડો ઘીકાંટા રોડ, અમદાવાદ કિંમત રૂા. ૫-૦૦

૧૨ વિવિધ વિષય વિચાર વાટિકા
સંપાદક : શ્રી હરિચંદ ગજાનન વૈદ્ય
પ્રકાશક : શ્રી બુદ્ધિ અજિતસાગરસૂરી જૈન જ્ઞાન મંદિર મુ. વસઈ (જી. થાણા)

૧૩ સ્તવનાવલી :
રચયિતા :
શતાવધાની પૂ. આ. શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.

૧૪ દેવાધિદેવની અલૌકિકતા :
લેખક : પૂ. આ. શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.

૧૫ ચિત્તસ્થૈર્યની કેડીઓ :
મુનિશ્રી અમરેન્દ્રવિજયજી
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ફુવારા પાસે, ગાંધી માર્ગ
અમદાવાદ ૩૮૦૦૦૧

૧૬ ગૌતમ પૃચ્છા :
સંયોજક :
સાહિત્યપ્રેમી મુનિશ્રી નિરંજનવિજયજી મહારાજ
સંપાદક :
શ્રી કૃષ્ણપ્રસાદ ભટ્ટ (બી.એ. સાહિત્યાચાર્ય)
સાદા કાગળમાં મૂલ્ય : આઠ રૂપિયા.
પ્રકાશક : માસ્તર શ્રી આનંદરાજ ગેમાવત
ગેમાવતો નિવાસ
વાયા-ફાલના, મુ૦ બાલી (રાજ૦)

૧૭ પાંડવોનો પ્રતિબોધ અને પાંચ અદ્ભુત દશ્યો :
લેખક : પરમ પૂ. સાહિત્યપ્રેમી મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજ
પ્રકાશક :
શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન ગ્રંથમાળા
ઠે૦ શ્રી ગિસુલાલ પુખરાજજી રાજાવત
C/o હુકમરાજ રાજકીણરાજ ખુડાલાવાલા
૪૩-૪૭ એમ. પી. રોડ,
અશોક નિવાસ મુંબઇ-૧૦
મૂલ્ય : ૦-૭૫ પૈસા

૧૮ સુપાત્ર દાનનો મહિમા :
લેખક : ઉપર મુજબ મૂલ્ય : ૦-૭૫ પૈસા
પ્રકાશક :
શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન ગ્રંથમાળા
ઠે૦ શ્રી રસિકલાલ અમૃતલાલ શાહ
નગરશેઠનો વંડો,
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧

૧૯ મંગલ કલશ :
લેખક-પ્રકાશક ઉપર મુજબ

૨૦ વરદત્ત-ગુણમંજરી :
લેખક-પ્રકાશક ઉપર મુજબ

૨૧ ઝાંઝરિયા મુનિવર :
લેખક-પ્રકાશક ઉપર મુજબ
કિંમત : ૦-૩૫ પૈસા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૨ મહારાજ શુકરાજ ચરિત્ર :
લેખક-પ્રકાશક ઉપર મુજબ
કિંમત રૂા. ૫-૦૦

૨૩ સાધ્વી સુનંદા : સચિત્ર
લેખક-પ્રકાશક ઉપર મુજબ
મૂલ્ય : ૦-૮૧ પૈસા

૨૪ મર્કટ મનની લીલા :
લેખક-પ્રકાશક ઉપર મુજબ
મૂલ્ય : ૦-૩૧ પૈસા

૨૫ શ્રી રોહિણી તપનો મહિમા :
લેખક-પ્રકાશક ઉપર મુજબ
મૂલ્ય : ૦-૭૫ પૈસા

૨૬ પોષ દશમીનો મહિમા :
લેખક-પ્રકાશક ઉપર મુજબ
મૂલ્ય : રૂા ૧-૦૦

૨૭ ઉત્તમ દૃષ્ટાન્ત સંગ્રહ :
સંગ્રાહક : મુનિશ્રી ઉત્તમવિજયજી મહારાજ
પ્રકાશક : ઉપર મુજબ
મૂલ્ય : રૂા. ૫-૦૦

૨૮ મુહપત્તિના ૫૦ બોલ :
પ. પૂ મુનિશ્રી નિરંજનવિજયજીના સદુપદેશથી
પ્રકાશિત શ્રી મહાવીર સ્નાત્ર મંડળ
મુલુન્ડ મુંબઇ-૪૦૦૦૮૦

૨૯ સંસ્કાર પોથી : નં. ૧-૨
સંગ્રાહક-સંયોજક : ઉત્તમવિજયજી મહારાજ

૩૦ વ્રતોની મહત્તા :
( મોક્ષનો સરળ અને મુખ્ય માર્ગ )
લેખક : ન્યા. વ્યા. કા. તીર્થ પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમાર શ્રમણ)

૩૧ બાર વ્રત :
લેખક : પં શ્રી પૂર્ણાનંદવિજય
મૂલ્ય રૂા. ૧-૨૫ પૈસા
ઉપરના બન્ને પુસ્તકના પ્રકાશક :
જગજીવનદાસ કસ્તુરચંદ શાહ
સાઠંબા જી. સાબરકાંઠા (ગુજરાત)

૩૨ વિવિધ ધર્મના નૈતિક મૂલ્યો :
યોજક અને પ્રકાશક : શ્રી રતિલાલ અધ્વર્યુ
૩, દત્ત સોસાયટી (ભઠ્ઠા) અમદાવાદ-૭
કિંમત રૂા ૧-૫૦ પૈસા

૩૩ ગરીબી હટાવો :
યોજક અને પ્રકાશક : શ્રી રતિલાલ અધ્વર્યુ
૩, દત્ત સોસાયટી (ભઠ્ઠા) અમદાવાદ-૭
મૂલ્ય : ૦-૫૦ પૈસા

૩૪ ધર્મનીતિનાં પદ ( દોહા-ભજન ) :
યોજક અને પ્રકાશક : ઉપર મુજબ
મૂલ્ય : ૦-૫૦ પૈસા

૩૫ વિશુદ્ધિનો માર્ગ :
યોજક અને પ્રકાશક : ઉપર મુજબ
મૂલ્ય રૂા, ૨-૨૫ પૈસા

૩૬ નૈતિક ક્રાન્તિ જગાવો :
યોજક અને પ્રકાશક : ઉપર મુજબ
મૂલ્ય : ૦-૨૫ પૈસા

૩૭ મૃત્યુની ગોદમાં :
લેખક : કીર્તિચન્દ્રસૂરી
પ્રકાશક-આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વર જ્ઞાન મંદિર
દાદર મુંબઇ-૨૮ મૂલ્ય રૂા. ૧-૦૦

૩૮ જિનેન્દ્ર મહાવીર :
લેખક : ડૉ. નિજામુદ્દિન, એમ એ પીએચ ડી.
પ્રકાશક : રમેશકુમાર જૈન
સચિવ બાબુ આનંદકુમાર જૈત સંસ્થાન
આનંદકુમાર જૈન માર્ગ
રામપુર (ઉ.પ્ર.) પિન-૨૪૪૯૦૧
મૂલ્ય રૂા ૪-૦૦

૩૯ જૈન જ્યોતિર્લોક (જૈન ભૂગોળ) :
પ્રવચનદાતા :
આર્થિકારત્ન શ્રી જ્ઞાનમતી માતાજી
સંપાદકો :
શ્રી મોતીચંદ જૈન શરાફ, રવીન્દ્રકુમાર જૈન
પ્રકાશક : ગુજરાત દિગમ્બર જૈન શાંતિવીર સિદ્ધાંત સંરક્ષિણી સભા
હીંમતનગર મૂલ્ય રૂા. ૨-૦૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવનગરમાં દીક્ષા મહોત્સવ

ભાવનગર નિવાસી શ. શ્રી જેન્તીલાલ ચત્રભુજ શાહની સુપુત્રી બાલબ્રહ્મચારિણી કુ. પ્રવીણાબેન સં. ૨૦૩૨ના વૈશાખ વદ ૬ને બુધવાર તા. ૧૯-૫-૭૬ના રોજ દીક્ષા અંગીકાર કરશે. દીક્ષા પ્રદાન પં. શ્રી બલવંતવિજયજી કરશે. અને કુ. પ્રવીણાબેન પૂ. સાધ્વીશ્રી સુમિતાશ્રીજીનાં શિષ્યા થનાર છે.

કુ. પ્રવીણાબેનનો વ્યાવહારિક અભ્યાસ એસ. એસ. સી. પાસ તથા કોલેજનો એક વર્ષનો અભ્યાસ છે. ધાર્મિક અભ્યાસમાં કુ. પ્રવીણાબેને ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મ-ગ્રંથ, વૈરાગ્ય શતક, વિતારાગ સ્તોત્ર, સિંદૂર પ્રકર, તત્ત્વાર્થ સૂત્ર વિગેરે ગ્રંથોનો અભ્યાસ કરેલ છે. તેમજ વરસીતપ, ત્રણ ઉપધાન, અઠ્ઠાઈ, ૧૧ તેમજ ૧૬ ઉપવાસ વગેરે તપશ્ચર્યા કરેલ છે.

દીક્ષા સ્થળ : નૂતન જૈન ઉપાશ્રય છે.

## બહુમાન સમારંભ

ધર્મપ્રેમી શ્રી નેમચંદ નાનચંદ શાહના સુપુત્રો મુમુક્ષુ શ્રી હસમુખરાય તથા શ્રી મહેન્દ્ર કુમાર સં. ૨૦૩૨ના વૈશાખ વદ ૬ના રોજ મુંબઈ મુકામે પૂ. આ. શ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી પાસે ભાગવતી દિક્ષા અંગીકાર કરનાર છે, તેમજ ધર્મપ્રેમી શ્રી જેન્તીલાલ ચત્રભુજ શાહના સુપુત્રી કુ. પ્રવીણાબેન સં. ૨૦૩૨ના વૈ. વ. ૬ના રોજ ભાવનગર મુકામે દીક્ષા અંગીકાર કરનાર છે. આ ત્રણે દિક્ષાર્થીઓનું બહુમાન કરવાનો એક સમારંભ તા. ૨-૫-૭૬ના રોજ રાત્રીના આઠ વાગે અત્રેના ટાઉન હોલમાં અત્રેના જૈન મંડળો તરફથી રાખવામાં આવેલ. મંગલાચરણ, સંવાદ, ગરબા તેમજ પ્રસંગોચિત પ્રવચનો થયેલ. સમારંભનું પ્રમુખ સ્થાન શેઠ શ્રી ભોગીભાઈએ તથા અતિથિવિશેષપદ શેઠ શ્રી હીંમતલાલ દીપચંદ શાહ ઉમરાળા-વાળાએ શોભાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નવીનચંદ્ર કામદારે કરેલ.

# પંડિતરત્ન શ્રી લાલચંદભાઈ ગાંધીની ચિરવિદાય

જૈન સમાજના જાણીતા વિદ્વાન પ્રાચ્યવિદ્યાના મહાન ઉપાસક પં. લાલચંદભાઈનો સં. ૨૦૩૨ના ફાગણ વદ ૧૪ના રોજ વડોદરા મુકામે સ્વર્ગવાસ થયેલ છે. તે અંગે અમો અમારી ઊંડી દીલસોજી વ્યક્ત કરીએ છીએ.

પંડિતજી સ્વભાવે શાંત, અને વિદ્યાના સાચા ઉપાસક હતા ૧૪ વર્ષની નાની વયથી જ તેમની વિદ્યા સાધના શરૂ થઈ હતી. સં. ૧૯૬૪માં કાશી મુકામે જઈ શ્રી યશોવિજય પાઠશાળામાં રહી સંસ્કૃત પ્રાકૃતનો ઊંડો અભ્યાસ કર્યો પોતાની સાચી તમન્નાથી આ વિષયોમાં પારંગત થયા અને કારકીર્દિમાં તેઓએ જૈન સાહિત્યના સંશોધન, અનુવાદ દ્વારા આપણા પ્રાચીન શાસ્ત્રના મહત્વના ગ્રંથ પ્રકાશિત કર્યા.

જૈન સાહિત્ય ક્ષેત્રે મૂલ્યવાન સંશોધન અને સંપાદનનું કાર્ય કરવા બદલ શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાએ તેમને સં. ૨૦૨૩ની સાલમાં વિજય ધર્મસૂરી જૈન સાહિત્ય સુવર્ણ ચંદ્રક અર્પણ કર્યો હતો. અને તેમની ઉત્તમ સાહિત્ય સેવાને લક્ષમાં લઈ કેન્દ્ર સરકારે 'સર્ટીફીકેટ ઓફ ઓનર' અર્પણ કરેલ આ રીતે તેઓશ્રી સાહિત્યકારકિર્દિ ઘણી જ ઉજ્જવળ બનાવી મહાન યશ પ્રાપ્ત કરનારા બન્યા હતા.

તેમના આત્માને ચિરસ્થાયી શાંતિ મળે એવી શાસનદેવ પાસે પ્રાર્થના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## આપની થાપણ વધતી જ રહે છે
## અમારી પુનઃ રોકાણ યોજનામાં

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની પુનઃ રોકાણ યોજનામાં થાપણ પર ૧૭%થી પણ વધારે વળતર શક્ય છે. તેથી આજે રૂા. ૫૦૦૦/ની થાપણ ૧૨૦ માસ માટે મુકવામાં આવે તો રૂા. ૧૩,૫૩૫,૨૦ પાછા મળે.

પુનઃ રોકાણ યોજનામાં રૂા. ૧૦૦૦/ની થાપણ પણ ૨૫ માસથી ૧૨૦ માસ સુધીની મુદ્દત માટે સ્વીકારવામાં આવે છે.

બચતોને અમારી પુનઃ રોકાણ યોજના નીચે રોકવામાં આવે તો સંતાનોના શિક્ષણ, લગ્ન જેવી કૌટુંબિક જવાબદારીઓ અંગે ચિંતા કરવાની જરુર રહેતી નથી. વાસ્તવમાં અમારી પુનઃ રોકાણ યોજના આપ તથા આપના કુટુંબ માટે સુવર્ણમય ભવિષ્યની ખાત્રી સમાન છે.

**વધુ વિગત માટે ખાતુ ખોલાવવા માટે નજીકની શાખાના મેનેજરની મુલાકાત લ્યો.**

## સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડઓફીસ : ભાવનગર ૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## संस्कृत ग्रंथो

| | रु. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी द्वितीय अंश | १०–०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ष्ठ: | २०–०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित–महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५–०० |
| ४ ,, ,, प्रताकारे | १५–०० |
| ५ द्वादशार नयचक्रम् | ४०–०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५–०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५–०० |
| ८ प्रबंधपंचशती | १५–०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६–०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम् | १०–०० |

*

## અંગ્રેજી ગ્રંથો

| | Rs. Ps. |
|---|---|
| 1 Anekantvad by H. Bhattacharya | 3–00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35–00 |

*

## ગુજરાતી ગ્રંથો

| | રૂ. પૈ |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૩–૦૦ |
| ૬ કથા રત્ન કોષ ભા ૧ | ૧૪–૦૦ |
| ૭ કથા રત્ન કોષ ભા. ૨ | ૧૨–૦૦ |
| ૮ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૯ જ્ઞાન પ્રદીપ (ભા. ૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨–૦૦ |
| ૧૦ ધર્મ કૌશલ્ય | ૩–૦૦ |
| ૧૧ અનેકાન્તવાદ | ૩–૦૦ |
| ૧૨ નમસ્કાર મહામંત્ર | ૩–૦૦ |
| ૧૩ ચાર સાધન | ૩–૦૦ |
| ૧૪ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩–૦૦ |
| ૧૫ જાણ્યું અને જોયું | ૩–૦૦ |
| ૧૬ સ્યાદ્વાદમંજરી | ૧૭–૦૦ |
| ૧૭ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩–૦૦ |
| ૧૮ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકું બાઈન્ડીંગ | ૬–૨૫ |
| કાચું બાઈન્ડીંગ | ૫–૨૫ |

**નોંધ :** સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only